Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૦ • તા. ૦૨ ઑક્ટોબર ૨૦૧૭ થી ૦૮ ઑક્ટોબર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## ભાંડૂપમાં મહાભદ્ર તપના ત્ર્યાન્હિકા મહોત્સવે પારણોત્સવ



પૂ. આ.ભ. કલાપ્રભસાગરસૂરીશ્વરજી અને
વિમલસાગરસૂરીશ્વરજી, તપસ્વી મ.સા.ને ધર્મલાભ આપતા



પૂ. આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.



માંગલિક સંભળાવતા
પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.



મહાભદ્ર તપના તપસ્વી
પૂ. સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી પારણા સ્થળે પધારતા



તપસ્વી મ. સાહેબ સાથે સંપૂર્ણ મહોત્સવના દાતાશ્રી
શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર



પૂ. સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી અને તપસ્વી સા. શ્રી સાથે
અન્ય સાધ્વી વૃંદ



તપસ્વી મ.સા. ને પારણું કરાવતા દાતા પરિવાર

(અહેવાલ અંદરના પાને)



સંપૂર્ણ મહોત્સવના દાતાશ્રી શ્રી રાયચંદ હંસરાજ ધરમશી
પરિવારનું અભિવાદન

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી અંબેમાતાય નમઃ || || શ્રી વાછરાદાદાય નમઃ ||







# 卐 સ્નેહભર્યું આમંત્રણ 卐

સહર્ષ ખુશાલી સાથે જણાવવાનું કે, ભાટીયા પરિવાર દ્વારા ૨૧૭ વર્ષ પહેલા સ્થાપીત પડાણાના શ્રી વિર વાછરાદાદા પ્રાચીન ખાંભીરૂપે મોટી ખાવડી ગામે પૂર્વે શા. વેરશી કરમશી લોડાયા પરિવારના નિવાસ સ્થાનમાં બિરાજમાન હતા, જેની પુનઃ પ્રતિષ્ઠા નવનિર્મીત મંદીર માં માગસર સુદ ૮, તા. ૨૭.૧૧.૨૦૧૭ ને સોમવાર ના રોજ, માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના પરિવાર દ્વારા કરવામાં આવશે, સાથે શ્રી ગણપતી અને શ્રી ક્ષેત્રપાલ બીરાજમાન થશે. .

આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અમારી ખુશીમાં સામીલ થવા શ્રી. વાછરાદાદાનાં ભાવિકો, આમંત્રીત મેહમાનો અને હાલાર(સૌરાષ્ટ્ર) ક્ષેત્રમાં વસવાટ કરતા સમગ્ર શ્રી ક.દ.ઓ જ્ઞાતિજનો ને અમો સ્નેહભર્યુ આમંત્રણ પાઠવીએ છીએ. આ મહોત્સવ માં હાજરી આપી મહોત્સવની શોભા વધારશોજી.

## દ્વિતિય મહોત્સવની રૂપરેખા

| | |
|---|---|
| ૨૬.૧૧.૨૦૧૭ | ૧. શ્રી વાછરાદાદા નો વરઘોડો<br>૨. શ્રી ભગવતી મંડળ પૂજન<br>(વિધીકાર : કેવલભાઈ સાવલા - ભુજ)<br>(સંગીતકાર : કિશોર સંગાર - માંડવી)<br>૩. મહાકાળી માતાજી ની ભાવના સાથે રાસ ગરબા<br>(સંગીતકાર : કિશોર સંગાર - માંડવી) |
| ૨૭.૧૧.૨૦૧૭ | શ્રી વાછરાદાદાની પ્રતિષ્ઠા સવારે સમયઃ ૧૦.૦૧ કલાકે<br>(શ્રી. ગોવિંદજી લાલજી લોડાયા (પટેલ) - સાંધવ)<br>(આચાર્ય શાસ્ત્રી : મનીષકુમાર ભરતભાઈ ભોગાયતા - કલ્યાણપુર) |

તા. ૨૭.૧૧.૨૦૧૭ ના રોજ બપોરે સમયઃ ૧૧.૩૦ થી ૧.૩૦ મોટી ખાવડી ગામજનો નું જમણવાર સાથે હાલાર (સૌરાષ્ટ્ર) ક્ષેત્રમાં વસવાટ કરતા સમગ્ર શ્રી ક.દ.ઓ જ્ઞાતિજનો નું જમણવાર રાખેલ છે.

## નિમંત્રક

શા. હંસરાજ દેવજી પદમશી ખોના (પટેલ) પરિવાર

આદ્યતંત્રીઓ

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

: તંત્રી :
રાયચંદ આર. નાગડા

સમિતિ સભ્યો
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

અંક નં. 40/2017

: કાર્યાલય :
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
C/o. Shri R. R. Nagda,
Advocate High Court
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

: જાહેરાત સંપર્ક :
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463/64/65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


## શ્રી વીરજી ગંગાજર મૈશેરી અને સ્વામી આનંદ

'જુનું મુંબઈ અને સ્વામી આનંદ' એ શીર્ષક હેઠળનો એક લેખ વાંચીને હું (૪૬) વર્ષો પહેલાંના મુલુંડ (મુંબઈ)માં પહોંચી ગયો. ઘણી યાદો તાજી થઈ. મારાં લગ્ન પછી મુલુંડ (વે.) માં ઝવેર રોડ અને સેવારામ લાલવાણી રોડના જંકશન પર આવેલા વીરજી ગંગાજરના બંગલાના એક રૂમમાં મને રહેવાની જગ્યા મળી. બંગલો ખાલી જ હતો. મારાં સાસુ-સસરા પણ એ જ બંગલામાં રહેતાં હતાં. મારા સસરાજી વીરજી બાપાના તદ્દન નજીકના સગા થાય. નાનપણમાં જ મા-બાપ ગુજરી જવાને કારણે વીરજી બાપા તથા તેમના ભાઈના કુટુંબીજનો એ મારા સસરાજી તેમજ તેમનાથી નાના ભાઈને ઉછેરીને મોટા કર્યા. ભણાવ્યા, ધંધે લગાડ્યા તથા પરણાવ્યા. એ બંગલો તે સમયે 'વીરજી ગંગાજરની નવી વાડી' તરીકે પ્રસિધ્ધ હતો. હાલમાં તથા 'નવીન-મંજુ સોસાયટી'ના ત્રણ મકાનો ઊભાં છે.

શ્રી વીરજીભાઈ અને સ્વામી આનંદ એ બંને સ્વાતંત્ર્ય સેનાનીઓ તો હતા, સાથે સારા મિત્રો પણ હતા. બંનેની એકબીજાને ત્યાં આવન-જાવન રહેતી. પોતાના 'હિલોળા' પુસ્તક વિશે શરૂઆતમાં બે બોલમાં તેઓ (વીરજી બાપા) લખે છે કે ''મારા પચીસ વર્ષ જૂના પરમ સ્નેહી શ્રી સ્વામી આનંદે રસ લઈને કીમતી સૂચનો કર્યા. અને વખતોવખત મને ઉત્સાહ આપી હાથપ્રત જોઇ જઈને મારા આ બીજા પુસ્તકની પણ પ્રસ્તાવના લખી આપી, તે બદલ હું તેમનો ઘણો જ આભારી છું''. (પહેલું પુસ્તક 'હિન્દ પર્યટન' - ત્રિપાઠી પ્રકાશન)

'હિલોળા'ની પ્રસ્તાવનામાં શ્રી વીરજીભાઈનો પરિચય આપતા તેઓ (સ્વામી આનંદ) લખે છે, ''અદના વેપારી કુટુંબમા જૂનવાણી મુંબઈનો ઉછેર. પાલાગણીની ખોજા ખાનમહમદ હબીબભાઈ ફ્રી સ્કૂલમાં અને પાછળથી એલફીન્સ્ટન હાઈસ્કુલમાં ટૂંકી કેળવણી, સમાજ તથા દેશસેવાના નાનાવિધ ક્ષેત્રોમાં પોતાના ગજામુજબ સહર્ષ ફાળો; શ્રીમદ્ રાજચંદ્ર, ગાંધીજી, શ્રી અરવિંદ, શ્રી રમણ મહર્ષિ વગેરે સંતોનો પ્રભાવ-સમાગમ તથા તેમના સદ્‌ગ્રંથોના વાંચન - મનન થી ... બોધપ્રદ થઈ પડનારી આ જીવનકથા ગુજરાતી વાચકોની દુનિયામાં અનેક નરનારીઓનો સત્કાર પામશે એવો મને વિશ્વાસ છે.''

આ પુસ્તકમાં જૂના મુંબઈ શહેરનું વર્ણન અવારનવાર લેખકની કુટુંબયાત્રા સાથે જ આવ્યા કરે છે. સ્વામી આનંદે પ્રસ્તાવનામાં લખ્યું છે. 'સાઠ-સીત્તેર વર્ષ અગાઉ માંડ પાંચ લાખ જેટલી વસ્તીનું મુંબઈ શહેર ગોરા વેપારીઓના એક ગંજાવર વેપાર થાણા તરીકે કેવું વસ્યે જતું હતું અને 'ધીંગા કાઢી જતનાં ધાડાંથી ત્રાસેલો ગુજરાત-કચ્છ- કાઠિયાવાડનો વેપારી વર્ગ અંગ્રેજોએ સ્થાપેલી સુલેહ શાંતિ હેઠળ ગોરા પરદેશીઓના આડત-દલાલા કરીને 'નિરાંત જીવે બે પૈસા રળવા' મુંબઈમાં કેવો વસવાટ કરવા લાગ્યો હતો, અંગ્રેજોને કેવો તારણહાર દેવને સ્થાને લેખતો, તેનું આપણને અહીં દર્શન થાય છે.'' (પુસ્તક પ્રકાશનનું વર્ષ સને ૧૯૫૪, ત્રિપાઠી પ્રકાશન)

સ્વામી આનંદ ક્યારેક મુલુંડમાં શ્રી વીરજીભાઈના બંગલે આવતા. એવી જ રીતે બાપાના કુટુંબીજનો પણ સ્વામીજીના આશ્રમમાં ક્યારેક જતાં જાણે તેઓ પિકનિક મનાવવા જતાં. થાણેના જંગલ વિસ્તારમાં કોઈક જગ્યાએ એમનો આશ્રમ હતો. મારાં શ્રીમતીજી (હાલે સ્વર્ગસ્થ)ને સ્વામીજીએ ખવડાવેલી વિવિધ શાકભાજી નાખીને બનાવેલી ખીચડી જિંદગીભર યાદ રહી ગયેલી. તેઓ એનાં વખાણ કરતાં થાકતાં નહોતા.

મુલુંડના વિકાસમાં શ્રી વીરજીબાપાનો સવિશેષ ફાળો છે. તેમનાં ધર્મપત્નીના નામની 'રતનબાઈ પ્રાથમિક શાળા' આર.આર.ટી. રોડ પર મુલુંડ (વેસ્ટ)માં આજેપણ મોજૂદ છે. સ્વામી આનંદ અને વીરજીભાઈએ 'નિમક સત્યાગ્રહ'માં ભાગ લીધો હતો અને જેલવાસ પણ ભોગવ્યો હતો.

જમનાલાલજી બજાજ, નરીમાન, આબીદઅલી વગેરે આગેવાનો મુલુંડ આવીને વીરજીભાઈનું 'ઝૂંપડું' પાવન કરી જતા.

**- શામજી પદમશી છેડા** (ગાંધીધામ)

## જાહેરાતકર્તાઓ : GST નહીં મોકલવા વિનંતિ

પ્રકાશ સમીક્ષા સમિતિની **GST** કાયદા હેઠળ નોંધણી ન થયેલ હોવાથી ''પ્રકાશ સમીક્ષા'' તરફથી મોકલાતા બીલોમાં **GST** ની રકમ ઉમેરવામાં આવતી નથી છતાં પણ કેટલાક જાહેરાતકર્તાઓ સ્વમેળે બીલની રકમ ઉપર ૫% ઉમેરીને કુલ રકમનો ચેક મોકલે છે. તેથી તેમ ન કરતા ફક્ત બીલની રકમનો જ ચેક મોકલવા વિનંતિ છે.

પ્રકાશ સમીક્ષા માટે ઇ-મેલ દ્વારા જાહેરાત મોકલનારે જાહેરાતની મેટર **kdoprakash@gmail.com** ઉપર મોકલાવી વિનમ્ર વિનંતી.

| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Mulund (W), Mumbai - 400 080.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

## પર્યુષણ પર્વના વિગતવાર અહેવાલ મોકલવા વિનંતી

આપના સ્થાનિક જિનાલય, દેરાસરજી, મહાજન, મંડળ, ટ્રસ્ટના ઉપક્રમે ઉજવાયેલ પર્યુષણ પર્વ દરમિયાનની વિવિધ પ્રવૃત્તિઓ, ઘૃત બોલીઓ, દરેક સ્વપ્નના ચડાવા, તપસ્યા, આરાધના ઇત્યાદિના વિગતવાર સમાચાર મોકલવા તથા જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ પણ જણાવવા વિનંતી છે. શક્યતઃ વધારે વિગતવાર સમાચાર પ્રકાશિત થશે.

## સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. અહેવાલમાં જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. શક્યતઃ વધુમાં વધુ વિગતો પ્રગટ થશે. સમાચાર મોકલતી વખતે મોકલનારે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી અવશ્ય મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.



# ભાંડુપ - આદિનાથ જિનાલયે અચલગચ્છમાં પ્રાયઃ પ્રથમજ મહાભદ્રના તપસ્વી પૂ. કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.નો પારણોત્સવ - તા. ૮-૯-૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭

ભાંડૂપમાં મહાભદ્રતપના ત્ર્યાન્હિકા મહોત્સવે પારણોત્સવ, સાડા આઠ મહિનામાં ફક્ત ૪૯ પારણે ૧૯૬ દિવસના ઉપવાસે આરાધાતો તપ, અતી કઠીન એવો ''મહાભદ્ર તપ'' અચલગચ્છ મધે શ્રમણ-શ્રમણીઓની ૨૦૦ વરસોમાં સર્વ પ્રથમ આ તપ **પૂ.સા. શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.**એ તપચક્રવર્તિ પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરી મ.સા.ના સુવર્ણ વરસીતપના ભેટણા તરીકે આદરીને નિર્વઘ્ને પૂર્ણાહૂતિએ ઉદાર દિલ શ્રમણોપ્રિય **શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી કચ્છ સુથરી હાલ વરલીવાળા** ની સખાવતે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપના ત્રિવેણી સંગમે ઉજવાયાં. તપાચારનો એક સુવર્ણ ઈતિહાસ લખાયો!!

આ તપોત્સવે **પૂ.આ.ભ. કલાપ્રભસાગરસૂરી મ.સા., પૂ.આ.ભ. કવીન્દ્રસાગરજી મ.સા., ક્રાંતિકારી આ.ભ. વિમલસાગરજીસૂરી મ.સા., આદીઠાણાઓ સાથે યતીશ્રી મોતીસાગરજી મ.સા.** મહોત્સવ માંડવે પધારી તપાંજલીએ અઢળક શુભેચ્છાઓ સાથે અનુમોદનાની વાસક્ષેપ વર્ષા વરસાવી. પ્રથમ દિવસે ''ઋષભની શોભા શી કહું?''માં કુંજન મોરખીયાએ જિનાલયે ગુંજન કરાવ્યાં. ભરત ઓશવાલે સંગીતે સુર રેલાવ્યા. બપોરે શ્રી ક.દ.ઓ. મહિલા મંડળે મહાવીર સ્વામી પંચકલ્યાણક પૂજાએ ધૂમ મચાવી. રાતે અનંત મિત્ર મંડળે મહાકાલી મા ની સાધના-આરાધના સાથે મહોત્સવે મા ને પધારવા ભાવના ભાવી.

બીજે દિવસે મહાપ્રભાવક ''કેસર અભિષેક'' કરતાં ધરમશી પરિવાર સાથે સકળ શ્રી સંઘોના પુણ્યશાળીઓ પણ જોડાઈ આરતી મંગલ દીવો કર્યો. લાભાર્થી પરિવારે જીવદયામાં ઉંચી રકમ લખાવતાં અન્યોએ પણ લાભ લીધો. તપની અનુમોદના માટે ઘણા સંઘવાસીઓ એ સામાયિક, સ્વાધ્યાયના પચ્ચખાણ લીધા.

બપોરે ''તપસ્વી શાતામાં રહેજો''માં જ્ઞાતિના વિવિધ મહિલા મંડળો આકર્ષક વેશ પરિધાને પધારી તપસ્વી મ.સા. ને ભાવવિભોર કર્યા. પ્રથમ ભાંડૂપનો મહિલા મંડળ રહ્યો. રાતે શ્રી ક.દ.ઓ. જેન સંઘ અને શ્રી ક.વિ.ઓ. અચલગચ્છ સંઘના ૭૫ થી વધુ કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમે હૉલને ગજવી દીધો. શ્રેણીક રાજાના પાત્રમાં અ.સૌ. ભાવીકા ધનેશ લોડાયાએ પાત્રતાને કંઠ, હાવભાવ, રૂદન, મિજાજ અને પહેરવેશે માહોલને કરૂણામય બનાવ્યો. પ્રેક્ષકોએ છુટે હાથે ઈનામની વર્ષા કરી. ધરમશી પરિવારે રૂા. ૧૦,૦૦૦/- ભેટ કર્યા. મહેંદી રસમે કુ. વીજલ અમીત ડાઘાએ સેંકડો હાથે મહેંદી મૂકી. પધારેલ સૌને દાતા પરિવાર તરફથી સીલ્વર ગીનીની પ્રભાવના થઈ. સાંજે મા. ધનલક્ષ્મી ચંદ્રકાંત લોડાયા વારાપધર હાલ વાપીવાળા ધીરેનભાઈ તરફથી પરમાત્મા અને જિનાલયની મહાપૂજાએ દેશી-વિદેશી ફુલોની ત્રણ દિવસ ફોરમ મહેંકી રહી. આ તપ અનુમોદનાએ બંને સંઘોના ૨૫૦ થી વધુ ૭-૬-૫-૪-૩-૨-૧ ઉપવાસના તપસ્વીઓએ સંગાથે મહાભદ્ર તપ કર્યું.

રવીવારના પારણાંનો પાવન દિવસ, તપાત્માને નયનપ્રિય સિંહાસને આરૂધ્ધ કરાયા. પારણાં વખતે પચરખાણ ઉચ્ચરાવવા પૂ.આ.ભ. કવિન્દ્રસાગરજી પધાર્યા હતા.

લાભાર્થી પરિવારના શ્રી હેમાંગભાઈ, અ.સૌ. હિનાબેન, હર્ષાબેન, શ્રી તિલેશ શાંતિલાલ મૈશેરી સહ પરિવારજનો અને મહાજનશ્રીના પ્રમુખ ઉછળતા - છલકતા હાથોએ સીલ્વરના કળશાએ મગપાણી વગેરે વહોરાવ્યું. આ સાથે બૃહદ મુંબઈના સંખ્યાબંધ સંઘના પદાધિકારીઓ, સંસારી પરિવારજનો, શુભેચ્છકો, મહાનુભાવોએ પણ મ.સા.ના પાતરા છલકાવ્યા. આ સાથે ''વંદન વીરના અણગાર''ને કાર્યક્રમે શ્રી કુંજન મોરખીયાએ ભાવોની ભરતી ભરી. સંપૂર્ણ મહોત્સવના લાભાર્થી **શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર**ના મોભી **શ્રી હેમાંગભાઈ સહપરિવારની ગરિમા** અને તપાચારે સલુણાં શ્રાવક ધર્મની સાર્થકતાને અનુમોદનીય શબ્દોએ શણગારતાં શ્રી ક.દ.ઓ. જૈન સંઘના શ્રી મનોજ લોડાયા અને શ્રી કુમાર દંડે આકર્ષક ટ્રોફી-શાલ-શ્રીફળ-હાર વડે સન્માનીત કર્યા. પરિવારે, આ મહાન લાભ મળતાં ગદ્ગદીત અવાજે આભાર માન્યો. અને અંતે ''કેસરી આર્ટ''ના નૈતિક નાગડાના સથવારે યુવક યુવતીઓ રાસ-ગરબા રમ્યા.

શ્રી દામજી આણંદજી લોડાયા પરિવાર તરફથી અનુરૂપ ''શ્રી શત્રુંજય લઘુકલ્પ''નું વિમોચન કરી પ્રભાવાના અપાઈ. પારણાંની સ્વામિભક્તિએ ૧૫૦૦થી વધુ ભાવીકો પધાર્યા. મ.સા. ના સંસારી ભાઈ-ભાભીનું બહુમાન થયું. પ્રથમ બે દિવસે લહેરચંદ મૈશેરી અને પારણે કુમારભાઈ દંડે કાર્યક્રમનું સક્રીય સંચાલન કર્યું. શ્રી મનોજભાઈ લોડાયાએ અથાક મહેનત કરી.

આ પ્રસંગે મુંબઈ મહાજનશ્રી, અખીલ ભારત અચલગચ્છ સંઘના અધિકારીઓ, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ઘાટકોપર, મુલુન્ડ, વિક્રોલી, મલાડ, મસ્જિદબંદર, સાંતાક્રુઝ, વડાલા, બોરીવલી, અંધેરી, કાંદીવલી, પાર્લા, લાલબાગ, માટુંગા આદી સંઘોના અધિકારીઓ પધાર્યા હતા.

ત્રણેય દિવસની કેટરીંગ શ્રી ફાઈવ સ્ટાર્સ કેટરર્સના શ્રી મનોજભાઈ લોડાયા અને કમલેશ મૈશેરીએ સુખદ પાર પાડી.

।। શ્રી મોટી ખાવડી તીર્થ ।।

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ।।    ।। શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ।।

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી

જીઃ જામ નગર, ગુજરાત - ૩૬૧૧૪૦

સહર્ષ ખુશાલી સાથે સર્વે ગામ વાસિઓને જણાવવાનું કે, સવંત ૨૦૭૨-૭૩ દરમ્યાન આપણા માદરે વતનમાં જેઠ સુદ ૧૦ ના રોજ શ્રી પાર્શ્વનાથ પ્રભુજી નાં જીનાલયની વર્ષ ગાઠ નિમીત્ત ધ્વજાનો ચડાવો, માતૃશ્રી આશાબેન રમેશચંદ્ર હેમરાજ લોડાયા પરીવારે લીધેલ સાથે નવકારશી, સ્વામીવાત્સલ્ય અને ચૌવિહાર નો લાભ પણ લિધેલ હતો. શ્રાવણ સુદ ૬ ના રોજ શ્રી ચંદ્રપ્રભ સ્વામી ના જીનાલયની વર્ષ ગાઠ નિમીત્તે ધ્વજાનો ચડાવો, શા. હેમરાજ દેવરાજ લોડાયા પરીવાર અને શા. માલશી દેવરાજ લોડાયા પરીવારે લીધેલ સાથે આગલા દિવસે દાદાની ધ્વજાનો વરઘોડો, ૧૮ અભિષેક અને બને દિવસ ના નવકારશી, સ્વામીવાત્સલ્ય અને ચૌવિહાર નો લાભ પણ લિધેલ હતો. ઉપરાંત મહાપર્વાધિરાજ પર્યુષણ ની હર્ષોલ્હાસ સાથે ઉજવણી કરવામાં આવેલ, સંપુર્ણ પર્યુષણ પર્વ દરમ્યાન નવકારશી, સ્વામિ વાતસલ્ય અને ચૌવિહાર નિ શ્રી સંઘ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ, સર્વે સખી દાતાશ્રી ઓનુ અમો ભુરી ભુરી અનુમોદના કરીયે છીએ. મહાપર્વ મા શ્રીપોથી પધરાવવાનો લાભ શ્રીમતી સંધ્યા ગિરીશ લોડાયા પરિવારે લિધેલ અને શ્રી.વીરપ્રભુ નું પારણુ પધરાવવાનો લાભ અ.સૌ. ભક્તિ તુષાર દેસાઈ હસ્તે શ્રીમતી સંધ્યા ગિરીશ લોડાયા પરિવારે લિધેલ સાથે નિચે દર્શાવેલ ભાગ્યશ્રીઓ એ મોક્ષ ની બારી અને ૧૪ સ્વપ્નનો લાભ ઉલ્લાસ ભેર લિધેલ. આર્યરક્ષિતા વિદ્યાપિઠ થી આવેલ બેહનો એ સંપુર્ણ પર્વ દરમ્યાન શ્રી સંઘ ને અનુમોદનીય ધર્મ ની આરાધના કરાવી તે બદલ અમો એમના અને શ્રી વિદ્યાપિઠ ના ૠણી છીએ. સવંતશરી ના સમુહ ક્ષમાપના નુ આયોજન કરેલ ત્યારબાદ વીરપ્રભુ ના પારણાનો વરઘોડો અને સ્થાનિક વિદ્યાર્થિઓ નુ શૈક્ષણીક અભિવાદન કરવામા આવેલ શૈક્ષણીક અભિવાદન ના દાતા માતૃશ્રી લક્ષ્મીબેન જયંતિલાલ હંસરાજ ખોના પરિવાર સાથે આપણા પુજારી શ્રી. પ્રદીપભાઈ અને આરાધક બેહનો નુ સનમાન કરેલ આજ રીતે આપ સર્વે ગામ વાસિઓ નો સાથ અને સહકાર આજ રિતે શ્રી સંઘને મળતો રહે એજ અભ્યર્થના.

| | | |
|---|---|---|
| શ્રી મોક્ષની બારી | : | કુ. હાર્દિક શૈલેશ શાંતિલાલ લોડાયા |
| શ્રી ગજરાજ | : | માતૃશ્રી રાજબાઈ વેરશી લોડાયા પરિવાર (હ. પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા) |
| શ્રી વૃષભ | : | શા. છગનલાલ વેરશી લોડાયા પરિવાર |
| શ્રી કેશરી સિંહ | : | માતૃશ્રી રાજબાઈ વેરશી લોડાયા પરિવાર (હ. પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા) |
| શ્રી મહાલક્ષ્મી | : | માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના પરિવાર |
| શ્રી ફુલની માળા | : | શ્રી હર્ષદ કાંતીલાલ લોડાયા પરિવાર |
| શ્રી ચંદ્રમા | : | માતૃશ્રી હિરબાઈ હંસરાજ દેવજી ખોના પરિવાર (હ. કંચનબેન રમેશચંદ્ર ખોના) |
| શ્રી સુર્યદેવ | : | માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના પરિવાર |
| શ્રી ધર્મની ધ્વજા | : | માતૃશ્રી રાજબાઈ વેરશી લોડાયા પરિવાર (હ. પુષ્પાબેન ચંદ્રકાંત લોડાયા) |
| શ્રી કળશ | : | કુ. નિશ પ્રિતેશ ગીરીશ લોડાયા |
| શ્રી પદમ સરોવર | : | શ્રી વિજય સોમચંદ લોડાયા પરિવાર |
| શ્રી શિર સમુદ્ર | : | માતૃશ્રી લક્ષ્મીબેન જયંતીલાલ હંસરાજ ખોના પરિવાર |
| શ્રી દેવ વિમાન | : | માતૃશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા પરિવાર |
| શ્રી રત્નની રાશી | : | માતૃશ્રી જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા પરિવાર |
| શ્રી નિર્ધમ અગ્ની | : | શા. શાંતીલાલ શામજી લોડાયા પરિવાર |

**લી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મોટી ખાવડી**

**પ્રમુખ અને ટ્રસ્ટીગણ**

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ || || શ્રી મોટી ખાવડી તીર્થ || || શ્રી ચંદ્રપ્રભસ્વામીય નમઃ ||

# જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ. મોટી ખાવડી

**પક્ષાલ પૂજા સવંત ૨૦૭૩ થી ૨૦૭૪ (માસિક નકરો ૧૫૦૦/-)**

ભાદરવ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : માતૃશ્રી. જયવંતીબેન ખીમજી કરમશી લોડાયા પરિવાર

**અંગ લુછણા / પાટ લુછણા સવંત ૨૦૭૩ થી ૨૦૭૪ (માસિક નકરો ૫૦૦/-)**

ભાદરવા સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : શા. હર્ષદ કાંતીલાલ વેરશી લોડાયા પરિવાર (હ. આયુશી, ઇશા, દિવ્ય, રોમીલ અને પુરબ)

**કેશર ચંદન પૂજા સવંત ૨૦૭૩ થી ૨૦૭૪ (માસિક નકરો ૩૧૦૦/-)**

ભાદરવ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : શા. પ્રફુલચંદ્ર લધુભાઈ જીવરાજ લોડાયા પરિવાર (દારેસલામ)

**ધૂપ પૂજા સવંત ૨૦૭૩ થી ૨૦૭૪ (માસિક નકરો ૧૧૦૦/-)**

| | |
|---|---|
| ભાદરવાદ સુદ ૬ થી આસો સુદ ૫ | : કુ. કેવલ ત્રિભુવન હેમરાજ લોડાયા |
| આસો સુદ ૬ થી કારતક સુદ ૫ | : શા. નરશી કરમશી લોડાયા પરિવાર |
| કારતક સુદ થી માગશર સુદ ૫ | : માતૃશ્રી. જયાબેન નરશી કરમશી લોડાયા પરિવાર |
| માગશર સુદ ૬ થી પોષ સુદ ૫ | : શા. ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર |
| પ્રોષ સુદ ૬ થી મહા સુદ ૫ | : કુ. પુજા જીગર લોડાયા (હ. વિહાન જીગર લોડાયા-ઘાટકોપર) |
| મહા સુદ ૬ થી ફાગણ સુદ ૫ | : માતૃશ્રી. બાંયાબાઈ ગોવિંદજી દેવજી લોડાયા પરિવાર |
| ફાગણ સુદ ૬ થી ચૈત્ર સુદ ૫ | : સ્વ.અ.સૌ. રાખી પંકજ હિરાચંદ લોડાયા |
| ચૈત્ર સુદ ૬ થી વૈશાખ સુદ ૫ | : માતૃશ્રી. હિરબાઈ પ્રેમચંદ ખોના પરિવાર (હુબલી) |
| વૈશાખ સુદ ૬ થી જેઠ સુદ ૫ | : માતૃશ્રી. નેણબાઈ મેઘજી લોડાયા પરિવાર (મુલુંડ) |
| જેઠ સુદ ૬ થી અસાડ સુદ ૫ | : શા. છગનલાલ વેરશી કરમશી લોડાયા પરિવાર |
| અષાડ સુદ ૬ થી શ્રાવણ સુદ ૫ | : શા. જેતશી વેરશી કરમશી લોડાયા પરિવાર |
| શ્રાવણ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ | : માતૃશ્રી. રાજબાઇ વેરશી કરમશી લોડાયા પરિવાર (હ. પુષ્પા ચંદ્રકાંત લોડાયા) |

**દિપક પૂજા સવંત ૨૦૭૩ થી ૨૦૭૪ (માસિક નકરો ૨૧૦૦/-)**

ભાદરવ સુદ ૬ થી ભાદરવા સુદ ૫ : માતૃશ્રી. તારાબેન પ્રફુલચંદ્ર લધુભાઈ લોડાયા પરિવાર (દારેસલામ)

**પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ સહતંત્રી શ્રી ચંપક જીવાણીની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે આયોજીત નિબંધ સ્પર્ધાનો નિબંધ**

## ૨૯ ઑગસ્ટે હું ક્યાં હતો ? – લહેરચંદ વેલજી મૈશેરી

હવામાન ખાતાની ચેતવણી અને આગાહી અનુસાર ૨૮ ઑગસ્ટની રાતે જ ગાજ-વીજના કડાકા ભડાકા અને આંખો અંજાઈ જાય તેવા ચમકારા! કાળા કિબાંગ વાદળાઓએ આકાશ ઘેરી લીધું હતું. છાપરા ઉપર પડતી, કાન પકાવતી મેઘ ધારોએ ધ્રાસકો પહોંચાડી દીધો, કદાચ ૨૩ જુલાઈ ૨૦૦૫ વાળી થશે તો? વરસાદે વિદાય લેતાં પોતાનું અસલ રૌદ્ર સ્વરૂપ બતાવી દીધું. બારી ઉઘાડી જોયું, વાહનોની રફતાર શાંત હતી. નિત્ય વહેલી સવારથી જ ટ્રાફીક જામની સમસ્યા નહોતી! નિત્યક્રમ મુજબ દૂધવાળો આવી ગયો પણ પેપરવાળાની ગેરહાજરી થી ચા ચૂસકી ચડી નહી ત્યાં તો પવાર સ્કુલ તરફથી બાળકોને સંદેશો આવ્યો, ભારી વરસાદે શાળા બંધ છે, બાળકોને મોકલતા નહી. નિત્ય જિનાલયે આવતાં શ્રાવકોની આવન જાવન પાંખી રહી. ૯.૩૦ વાગે દાદા દરબારનું પ્રાંગણ પાણીથી ખાબોચીયું બની ગયું.! ત્યારે હું ગુમસુમ હતો.

વ્યાખ્યાનની પૂર્ણાહૂતીએ જિનાલયના ઓટલે બેસી, ગઈ કાલે કરેલા સારા નરસાનું સરવૈયું કાઢતો હતો ત્યાંજ હાથમાં નાના બાળક સાથે નીતરતા કપડે એક મહિલા આવી અને ઈશારથી પેશાબ કરવા ઉચ્ચિત ટૉઈલટની પૃચ્છા કરી. સ્થાન બતાવી રજા આપી. અજૈન મહિલાએ દાદાને અહોભાવથી હાથ જોડી આભાર માનતી નિરાશ વદને લથડતા પગલે ગઈ.

સામે રાજમાર્ગ પર જોબ પર જતા સંખ્યાબંધ યુવક, યુવતીઓ, કામગારો એક હાથે છત્રી પકડી, પીઠે થેલો લટકાવી ઢીલા પગલે આશરો શોધતા, ધાર્યા લક્ષે પહોંચવા હાંફળા-ફાંફળા, થાક્યા, પાક્યા લથડતી ચાલે. આકાશ સામે મીટ માંડી મંઝીલને કાપવા મથામણ કરતા દ્રશ્યમાન થયા.

સમાચાર મુજબ મુંબઈને પાણી પૂરતા સર્વ તળાવો છલકાઈ ગયા છે એટલે મેઘજી બાપાને ખમૈયા કરવા વિનંતી કરતો હતો ત્યારે હું ભયના ઓથારે હતો.

દિકરો ઑફિસે ગયો. વરસાદે ભીંજાતો ભીંજાતો છત્રી પણ છત વગરની સાબીત થઈ. રાતે કેવી રીતે સુખદ પહોંચશે તેની ચીંતામાં ચિંતીત હતો.

પ્રોફેસર દિકરી કૉલેજમાં લેક્ચર આપવા ભયના ઓછાયે ગઈ. પહોંચીશ કે નહીં ? ટ્રેઈન મળશે કે નહીં?


## મિચ્છામિ દુક્કડમ

**શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડીયા તેરમી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

સહર્ષ જણાવવાનું કે આપણા કુળદેવી શ્રી સચ્ચામાની અસીમ કૃપાથી તેમજ આપ સહુના સાથ સહકારથી મુંબઈ નગરે કુળદેવી શ્રી સચ્ચામાની તેરમી સમૂહ પહેડી અને સ્નેહમિલનનું રૂડું આયોજન કરેલ છે.

**❖ શુભ દિવસ ❖**
રવિવાર, તા. ૧૪-૦૧-૨૦૧૮
પૌષ વદ ચૌદશ

**❖ શુભ સ્થળ ❖**
જૈનમ ક્લાસિક એસી હૉલ,
ગ્રાઉન્ડ ફ્લોર, એલ.બી.એસ. માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**❖ શુભ સમય ❖**
સવારે ૮.૩૦ થી
સાંજે ૪.૩૦ કલાકે

**સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનનું અમૂલ્ય લાભ લેનાર લાભાર્થી પરિવાર**

**દાદીમાં લક્ષ્મીબેન વીરજી નથુભાઈ દંડ (પટેલ)** (સેવક ભરૂડીયા - મુલુંડ)

**માતુશ્રી અ.સૌ. મધુબેન પ્રવીણ વીરજી દંડ**

હસ્તે

**અ.સૌ. અલ્કા રાજુ પ્રવીણ દંડ - અ.સૌ. જલ્પા ચેતન પ્રવીણ દંડ - ઈશા રાજુ દંડ - જૈનમ ચેતન દંડ**

આ પાવન પ્રસંગે શ્રી સચ્ચામા ને નમતા સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તેમજ નિયાણી બહેનો, દીકરીઓને સહપરિવાર શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી સ્નેહભર્યું આમંત્રણ છે. આપણે સહુ સાથે મળી ને પ્રેમથી ઉત્સાહથી આ શુભ પ્રસંગને ભક્તિગીત તથા રાસ ગરબાની રમઝટ સાથે શોભાવવાનું છે.

એજ લિ. **શ્રી સચ્ચામા દંડ પરિવાર કાર્યકર ગણ**

મનોજ દંડ - 098213 34417
પંકજ દંડ - 090048 41222
નીલેશ દંડ - 099204 16978
ચેતન દંડ - 098213 50952
મયુર દંડ - 098196 63555
ચંદ્રેશ દંડ - 099670 18785
અલ્પેશ દંડ - 098200 57598

**નોંધ :** જે ભાવિકો તથા નિયાણી બહેનો, દીકરીઓના સરનામાં તથા ફોન નંબર બદલાયા હોય અથવા નિમંત્રણ પત્રિકા ન મળતી હોય તો તેમણે ઉપરના કાર્યકરો ને જાણ કરવા વિનંતી.

**|| શ્રી સચ્ચામા દંડ પરિવાર ના જય માતાજી ||**

ગડમથલ કરતી ગઈ. અઢી કલાક સ્ટેશન જઈ થાણા કૉલમાં ગયા વગર સંપૂર્ણ ભીંજાઈ પાછી ફરી.

રોડ પર પાણી, ધીમી ચાલે ચાલતા વાહનો અંદાજ અને પરિસ્થિતીનો પયગામ આપતા હતા. ત્યારે હું લોકોની હાડમારીના વિચારોમાં હતો. જમ્યો, ટી.વી. ચાલુ કર્યો. ઠેર ઠેર છુંપણ સમા પાણી ઘર દુકાનોમાં પાણી. હાલાકીનો ચિતાર જોયો ત્યારે હું ૨૦૦૫ના પુનરાવર્તનના ભયે ફફળી રહ્યો હતો. ફાઈવ સ્ટાર્સના સ્ટારો મનોજ લોડાયા, પંકજ પોલડીયા, કમલેશ મૈશેરી, પરેશ ગોશર સાથે વિનય લોડાયા, રાજુ મૈશેરી, હુકમ છેડા જેવા સંખ્યાબંધ યુવા કાર્યકરોને અસરગ્રસ્ત લોકો માટે દાળ-ભાત, ચા-બિસ્કુટ પહોંચાડતા જોઈ જૈનોમાં કંડારેલ કરૂણાના વિચારોના વર્તુળમાં હતો.

રાજમાર્ગ પરથી વરસાદે વ્યથીત મુસાફરોના મોઢા પરના ભય-વ્યથા-મજબુરી-લાચારી-હાલાકી અને મુસીબતોને જોઈ એમનું હવે શું થશે? ના ભાવોએ ભયભીત હતો. ગેટ ઉપર ઉભો ઉભો આવા સંકટગ્રસ્તોને નીરખતો હતો ત્યાં જ અનંતસિધ્ધિના કાર્યકરો એવા લોકોને ચા-પાણીનો લાભ આપવા વિનંતી કરતા જોઈ. મન મંદિરમાં જૈનોની ફરજ, કરૂણા, માનવતા વગેરે ગુણોને નીરખી જોઈ. જૈન ધર્મ પામ્યાના અહોભાવમાં હતો.

ચા ના ટોપીયા ઉકાળતા મનોજ લોડાયાને જોઈ મનના મહેરામણ સમા મણીલાલ પદમશીં ખોનાને હાથમાં સમાય નહીં ને થેલામાં ભરાય તેટલા બીસ્કીટ પેકેટો લઈ આવી ભીતરના ભાવોએ ખવડાવતા જોઈ હું અંતરમાં અનુમોદનાની આરતી ઉતારતો હતો.

સવારથી ચા-પાણી વગર માળીયે બેસેલ ભયના ઓથારે થર-થર થતા જોઈ... ચાલીમાં રહેતાં ફરસાણ-ખાખરા ઘરે ઘરે જઈ વેંચાણ કરી. વૃદ્ધ માની સેવા કરતા કિર્તી શીવજી મૈશેરીને ભેટ સમાણાં પાણીમાં ઘરે ઘરે જઈ ખાખરા પેકેટો આપતાં જોઈ એક ઝીંદાદીલને જગડુશાના રૂપમાં જોઈ. ક્યાં અને ક્યાં હું ના સરવાળા ગુણાકારની ગણીતમાં હતો.

ટ્રેન બસ ટેક્ષી રીક્ષા કે કોઈ સાધન રૂપીયા આપતાં ન મળતાં અને નફટાઈથી ના પાડતા વાહન ચાલકોના વર્તને નફરતમાં હતો.

કોઈ ગટરમાં ગાયબ થયા. કેટલાયે લોકોના ઝૂંપડા પડી ગયા. નોધારા થયા. ૮-૧૦ કલાકથી રખડતા લોકોને જોઈ વ્યથા સાથે આદેશ્વર દાદાએ મને જર્જરીત અનંતસિધ્ધિમાં સલામત જોઈ હું ભાગ્યશાળી છું ત્યારે હું દેવ-ગુરૂની કૃપાએ સલામત છું એ અહેસાનમાં હતો.

પર્યુષણ પર્વની પૂર્ણાહુતીએ કચ્છથી આવનાર કચ્છ ગુજરાતની ટ્રેનોની અચોકસતા અને દાદર-વાંદરા પહોંચ્યા બાદ જ્ઞાતિજનો રખડશે, અટવાશે એ વિચારે ફિકરની ફિરાકમાં હતો સાથે મારા બચ્ચા ૨૮ ના સુખદ આવી ગયાના આનંદમાં હતો.

વર્ષાની અસ્ખલીત નીતરતી રંગની ધારાઓને ઝીલી ઝીલી હવે વરસાદ બંધ થાય, તેની પ્રાર્થના કરતો હતો.

આ નિબંધ સ્પર્ધા વાંચવા ચંપકભાઈ હાજર હોત તો - તો અભિપ્રાય ચંપક જીવાણી સાંભળવા મળત એ ઋજુ દિલ આત્માની યાદમાં હતો.

આખરે પૂર્ણ વરસાદના સંતોષે મનોમન ભાવ જાગ્યા કે - હે મેઘરાજા, હવે વરસે તો એવો વરસ કે, તારી સંતોષપ્રદ અભિષેક વર્ષાએ ભારતની ભૂમી ઉપર અનાજ ફળ ફળાદીથી ધરતી માતા લચી પડે ..!!

વરસે તો એવો વરસ કે, માનવોના દુઃખ-દર્દ, આધી-વ્યાધી-ઉપાધી તારા પ્રવાહમાં તણાઈ જાય.

વરસે તો એવો વરસ કે... મારી ગેરસમજ - અહમ્ - ગુસ્સો અને નફરતના પહાડો પીગળી જાય.

બસ, વર્ષા તારી યાદમાં હું અંદરથી અને બહારથી પણ પલળી પાવન હોઊં આ વિચારે હું ભાવ સમાધિએ હતો.

---

**હકીકત દોષ - ક્ષતિ સુધાર**

**''વડોદરા સમાજના કિર્તિસ્તંભો''**

પ્રકાશ-સમીક્ષાના અંક નં. ૩૮માં ઉપરોક્ત શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલ લેખમાં (લેખક : પ્રવીણ લોડાયા) હકીકત દોષ છે તે સુધારીને સમાજને દાતાઓ માતુશ્રી નવલબેન જયચંદ લોડાયા અને ઉર્મિલાબેન પંકજકુમાર મોમાયા દ્વારા અર્પિત નવનિર્મિત આરાધના ભવન (નૂતન ઉપાશ્રય)ના લોકાર્પણનો કાર્યક્રમ યથોચિત સમયે યોજાશે જેની વિગતવાર જાહેરાત હવે પછી થશે વાંચવું.


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

## શ્રી અચલગચ્છીય જૈન સંઘોને નમ્ર નિવેદન

શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ) તરફથી મીલી સ્ટીલ્સ પ્રા. લિ., મુંબઈના સહયોગથી વિના મૂલ્યે પ્રકાશિત થઈ વિતરણ થનાર જાન્યુઆરી થી ડીસેમ્બર ૨૦૧૮ (વિ.સં. ૨૦૭૪-૭૫)નું સંઘશિરછત્ર તપચક્રવર્તિ અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે તૈયાર કરેલ, અચલગચ્છીય તિથિ પ્રમાણે શ્રી પ્રેમચંદ બૌઆ નાની તુંબડીવાલાએ સંપાદન કરેલ 'શ્રી અચલગચ્છીય જૈન પંચાંગ કેલેન્ડર' દર વરસની જેમ વિતરણ કરવામાં આવશે.

મુંબઈ-કચ્છ તેમજ બહારગામના શ્રી અચલગચ્છીય જૈન સર્વ સંઘોને નમ્ર નિવેદન છે કે, આપના સંઘમાં જાહેરાત કરી, ઇચ્છુક સભ્યશ્રીનું પુરૂં નામ-કચ્છનું ગામ-હાલે રહેઠાણ-ફોન નં. લખી તેનું લીસ્ટ શ્રી સંઘના લેટરહેડ પર વ્યવસ્થિત લખી તા. ૩૧-૧૦-૨૦૧૭ મંગળવાર સુધીમાં વોટ્સઅપ નં. **99673 79714** અથવા **Calender@miliindia.com** પર મોકલી આપવા વિનંતી, જેથી નામ પ્રમાણે પેકીંગ કરી કેલેન્ડર મોકલવાની સુગમતા રહે, તથા પ્રિન્ટીંગ માટેની ગણત્રીને ન્યાય આપી શકાય, તેમજ કોઈ અચલગચ્છીય સંઘ જૈન પંચાગ કેલેન્ડર થી વંચિત ન રહે.

લિ. **ટ્રસ્ટ મંડળ**

**શ્રી અચલગચ્છ જૈન સંઘ - મુલુંડ (પૂર્વ)**

## શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ-ઘાટકોપર



### દાંડિયારાસની રમઝટ

શ્રી કચ્છી દશા ઓશવાલ જી. વી. સી. જૈન સંઘ દ્વારા **તા. ૧૪-૧૦-૨૦૧૭ ને શનિવાર**ના શુભ દિને દાંડિયારાસ સહિત વિવિધ પરંપરાગત રમતનું આયોજન કરેલ છે. સાથે વિવિધ હરિફાઈ, રસભર વાનગીઓના સ્ટોલ રાખેલ છે. સ્ટોલ માટે વહેલો તે પહેલોના ધોરણે ફક્ત ૧૦ નામ નોંધવામાં આવશે.

**સ્ટોલ માટે રૂા. ૧,૦૦૦/- ડીપોઝીટ રાખવામાં આવેલ છે. જેમાં સ્ટોલનો ખર્ચ રૂા. ૩૦૦/- રાખવામાં આવેલ છે.**

**સ્થળ: શ્રી રાષ્ટ્રીયશાળા સ્કુલ પટાંગણ,**
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
**સમય : સાંજે ૫.૦૦ થી ૧૦.૦૦ ક.**

સ્ટોલ માટે આપના નામ નીચે આપેલ નંબર પર નોંધાવા વિનંતી.
(૧) સરોજબેન મુનવર - ૮૮૫૦૭૩૭૩૫૬
(૨) કવિતા મોતા - ૯૩૨૩૪૦૯૭૬૩

**ખાસ નોંધ :** સ્ટોલ માટે જૈન વાનગી ત્થા સમગ્ર કે.ડી.ઓ. મુંબઈવાસીઓ રાખી શકશે.

**લી. શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન વતી**
**પ્રમુખશ્રી : સમીર લક્ષ્મીચંદ નાગડા**

UPASANA-9820167767

卐 જય જય શ્રી શાંતિનાથ દાદા 卐

## કોઠારા તિર્થની નિયાણી બહેનોનો સંદેશ

**કોઠારા તિર્થની નિયાણી બહેનો....**

**જય જિનેન્દ્ર** સહ જણાવવાનું કે આપણી જન્મભૂમિ કોઠારા તિર્થ મધ્યે બિરાજમાન **શ્રી શાંતિનાથાય દાદાની ૧૫૬મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવ** મહા સુદ તેરસ **સોમવાર તા. ૨૯-૦૧-૨૦૧૮**ના દિવસે આવે છે. તો આ પ્રસંગે આપણે સર્વે નિયાણી બહેનોએ કોઠારા જવાનું નક્કી કરેલ છે. આ પ્રસગંને દિપાવવા અત્યાર સુધી પચાસ નામ આવી ગયા છે. અમે રૂબરૂ કે ફોન દ્વારા જેમને નથી મળી શક્યા તેમને આ સંદેશા દ્વારા જાણ કરી રહ્યા છીએ.

તા. ૨૭-૦૧-૨૦૧૮એ મુંબઈથી જવાનું નક્કી કરેલ છે. તે પ્રમાણે ટિકિટ કઢાવવાની રહેશે.

-: વધુ વિગત માટે સંપર્ક :-

**મધુબેન પુનમચંદ મૈશેરી - 09821965608**
**વિજયાબેન વિજય વિકમશી - 09930857664**
કચ્છ માટે **મીનાબેન મહેશ લાલકા - 09913997094**

**એવો દિલમાં જાગ્યો છે તરંગ,**
**શોભાવશું 'કોઠારા તિર્થે' ધ્વજાનો પ્રસંગ...**
**ભાઈ-ભાભીઓ પણ આવશે સંગ,**
**વધશે સહુ નિયાણી બહેનોનો ઉમંગ....**



## લોડાયા પરિવારનું ગૌરવ

### કુ. મિત્તાલી હર્ષદ લોડાયા

સુથરી - મલકાપૂર (બિડ)
**B.Sc. ફેશન ડિઝાયનર**
**IV ઈયર ફાયનલ + ગ્રાફીક્સ ડિઝાયનર**

૬૦૦ - ૫૨૫ માર્ક, ૮૭.૬૦ - ૮૭:૫૦ માર્ક સાથે પોતાના ક્લાસમાં પ્રથમ આવેલ છે. બે વિષયમાં ક્લાસમાં પ્રથમ આવેલ છે અને પરિવારનું ગૌરવ વધારેલ છે.

**ઝળહળતી સફળતા મેળવવા બદલ**
**ખૂબ ખૂબ અભિનંદન....**

-: શુભેચ્છક :-

**શ્રીમતી દેવકાબેન હેમરાજ લોડાયા પરિવાર** - મલકાપૂર
મામા - મામી
**શ્રી લહેરચંદ નરશી મૈશેરી પરિવાર** - મુલુંડ - મુંબઈ
**નરશી જેઠાભાઈ દંડ પરિવાર** - વરાડીયા - મલકાપૂર
**શ્રી રાયચંદ ધરમશી ટ્રસ્ટ** - મુંબઈ
**શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ** - ઘાટકોપર
**મહારાષ્ટ્ર એકમ** - મલકાપૂર

લિ. **હર્ષદ હેમરાજ લોડાયા** (મલકાપૂર)
**9552596697**

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ વસતી પત્રક સમિતિ (KDOVP)

અમને જણાવતા ખુબજ આનંદ થાય છે કે અમે **૮માં વસતીપત્રક**ના પ્રકાશન માટે છેલ્લી તૈયારીઓ કરી રહ્યા છીએ અને એ માટે આપ સૌને **તમારા પૂર્ણ કુટુંબની માહિતી** તપાસીને જલ્દીથી સુધારી લેવા નમ્ર વિનંતી.

**તમારા પોતાના (એક જ સરનામામાં વસતા) કુટુંબ** ની માહિતીને સરળતાથી **જોવા અને તપાસવા** મહેરબાની કરીને **નીચે લખેલ માર્ગદર્શન પહેલા જરૂરથી પૂરું વાંચશો અને સંબંધિત સૂચનાઓને અનુસરજોઃ**

- **[http://kdovp.commutree.com/VerifyBookDate.aspx]** આ વેબ સાઈટ ની લિંક ઉપર જઈ, તમારા કુટુંબ સંબંધિત ડેટા ભરો/ પસંદ કરો.
- તમારી માહિતી બરોબર હોય અને વસ્તીપત્રકમાં છાપવા માટે કોઈ ફેરબદલ ન હોય તો તે પેજ ની નીચે આપેલ ડ્રોપ ડાઉન ખાનામાંથી તમારો ફોન નંબર પસંદ કરો અને **OTP** ની માંગણી કરો, **SMS** મારફત મળેલ **OTP** નીચેના ખાનામાં નાખો અને પુષ્ટિ કરો. ભારતથી બહાર રહેનારાઓ અમારા ફોન **+919167733603** (10 am થી 7 pm ભારતીય સમય મુજબ) ઉપર તમારી માહિતી કન્ફર્મ કરશો અથવા આપનો કન્ફર્મેશન અમારા ઈમેઈલ **kdovasti@gmail.com** ઉપર આપના વસ્તીપત્રક નંબર અને ફેમિલી નંબર સાથે મોકલશો. (ખાસ નોંધઃ તમારા રજીસ્ટર્ડ ઈમેઈલ એકાઉન્ટ થી મોકલેલ ઈમેઈલ ને જ ધ્યાનમાં લેવામાં આવશે.)
- તમારા કુટુંબની માહિતીમાં ફેરફાર, **ફક્ત અને ફક્ત ''ચેંજ રીકવેસ્ટ'' (Change Request) ઑપરેશન** મારફત કરી શકાશે જે <u>**www.kdovp.com**</u> અથવા કેડીઓ એન્ડ્રોઈડ એપ (<u>**https://goo.gl/3pkwXe**</u> **-** ચેંજ રીકવેસ્ટ સંબંધી મદદ માટે આ લિંક ઉપરથી હેલ્પ ફાઈલ ડાઉનલોડ કરો અને સંબંધિત સૂચનાઓને ધ્યાનથી અનુસરો.)

**ખાસ નોંધ :**

૧. <u>**www.kdovp.com**</u> / કેડીઓ એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. એપ્લિકેશન – આપણી જ્ઞાતિ દ્વારા, આપણી જ્ઞાતિ માટે અને આપણી જ્ઞાતિનું પ્રથમ ડિજિટલ મંચ, જ્યાં ફક્ત અને ફક્ત આપણી જ્ઞાતિના સભ્યોનેજ આપણી માહિતી જોવા માટે પ્રવેશ મળી શકે છે. તમારી બધીજ માહિતીઓ સંપૂર્ણ પણે સુરક્ષિત છે. તમારા કુટુંબની માહિતી ફક્ત તમારા નજીકના સગાઓજ જોઈ શકે છે અને અન્યોને ફક્ત જણાવવા જેવી જ માહિતી જોઈ શકે છે. જો તમે હજી સુધી એપ ઈન્સ્ટોલ નથી કરેલ / રજીસ્ટ્રેશન નથી કરેલ / કે પાસવર્ડ ભૂલી ગયા હો / કે તમારું ઈમેઈલ બદલવું હોય તો મદદ માટે <u>**https://goo.gl/dqUNQ2**</u> આ લિંક ઉપરથી હેલ્પ ફાઈલ ડાઉનલોડ કરો અને સંબંધિત સૂચનાઓને ધ્યાનથી અનુસરો.

૨. અમારી હાલની પ્રાથમિકતા આપણા વસતી પત્રકને ચોપડી સ્વરૂપે પ્રગટ કરવાનું છે. જેના કારણે નીચે દર્શાવેલ માહિતી ફેરફારની વિનંતીઓને પ્રાથમિકતા અપાશે.

*પૂરું નામ, *સત્તાવાર અટક, *ઉર્ફે નામ, *ઘરનું સરનામું, *ભણતર%, *જન્મ તારીખ, *મરણ તારીખ, *લગ્નની તારીખ, *ટેલિફોન નંબર, *લગ્ન સંબંધિ વિગતો, *વ્યવસાય.

(નોંધ : % ભણતર – જે વિદ્યાર્થીનું ભણતર શરૂ હોય એમણે હાલના અભ્યાસની વિગત ભરવી. બાકીનાઓએ એમની છેલ્લી પરીક્ષા પાસ થયાની વિગત ભરવી.)

૩. આપની માહિતી ફેરફારની વિનંતીઓ તા. ૧૫ ઑક્ટોબર ૨૦૧૭ સુધી મોકલાવી દેવી, જેથી અમારી **IT** ટીમ તમારા સુધારાઓ ચકાસી અને મંજુર કરી શકે. નક્કી કરેલ છેવટની તારીખના રોજ ઉપલબ્ધ માહિતીને ફાઈનલ પ્રિન્ટ કરવા માટે લેવામાં આવશે.

૪. ઉપર મુજબની સૂચનાઓનો અમલ કર્યા પછી પણ જો આપને હજુ કોઈ મદદની જરૂર હોય તો મહેરબાની કરી **KDOVP IT** ટીમનો ઈમેઈલ : <u>**kdovasti@gmail.com**</u> / વોટ્સએપ : **+919167733603** / ટ્વીટર : <u>**https://twitter.com/kdovp**</u> ઉપર સંપર્ક કરવો. અમને તમારી મદદ કરવાનો ખુબ આનંદ થશે.

**નોંધ :** હેલ્પ ફાઈલો ની લિંક + પૂર્ણ કુટુંબની માહિતી તપાસવાની લિંક + ગામ પ્રમાણે કુટુંબોની માહિતી લિંક **www.kdovp.com** ના હોમ પેજ તથા કેડીઓ એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. એપ્લિકેશનના ''સંપર્ક કરો'' ઓપ્શનમાં **("Contact Us" Tab)** પણ ઉપલબ્ધ છે.


## લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત, જન્મ સપ્ટેમ્બર ૧૯૮૫, ઉંચાઈ **5'-2"** દેખાવડી, M.Sc., B.Ed., પ્રતિષ્ઠીત સ્કુલમાં કાર્યરત, ડીવોર્સી (લગ્ન અવધિ ૧૨ મહિના) યુવતિ માટે **વેલ સેટલ, નિઃસંતાન, સમકક્ષ/કુંવારા** યુવકોના વડીલો બાયોડેટા-ફોટા સાથે સંપર્ક કરશોજી.

**asmeghs1982@gmail.com**

**Mob.: 99203 51333**

## કચ્છી કસબ - ૧૦૭ *(ઉત્તર આજ અંકમાં અન્યત્ર છે.)*



રચયિતાઃ જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

### ઊભી ચાવીઓ

૨) અજાણ્યું (stranger) (૨)
૩) ભોંય(Flooring) (૨)
૪) ફક્ત (Only) (૨)
૬) એક માળનું મકાન (one storey bldg) (૨)
૮) ભીના કપડાથી સાફ કરવું (to clean things by wet cloth) (૨)
૯) ઓઢવાનું (Blanket) (૩)
૧૦) ચા (Tea) (૨)
૧૩) ડાહ્યો (Wise) (૨)
૧૪) અવઢવ (Hesitation) (૪)
૧૫) ભીંતમાં જોડેલો કબાટ (Cupboard in wall) (૨)
૧૬) લગ્ન મંડપ (Place of Marriage rituals) (૨)
૧૭) હમણાં (Now) (૩)
૧૮) બગાડનાર માણસ (Person spoiling others) (૩)
૧૯) કપડામાંથી પાણી નીતરવું (dropping water from cloth) (૪)

### આડી ચાવીઓ

૧) ખિસકોલી (Squirrel) (૩)
૩) સબંધમાં આવવું (to be in relation) (૩)
૫) ઊંડું (Deep) (૨)
૬) ગાલ (Cheek) (૨)
૭) ટિંડલી (a kind of vegetable) (૨)
૧૦) કુત્રાને પાણી પીવા માટેનું સાધન (૨) (Vessel in which water kept for Dog)
૧૧) બાપ (Father) (૧)
૧૨) કોઈપણ જાતની જંજાળ વગરનો એકલો માણસ (single person without any botheration) (૪)
૧૪) બગાડવું (to spoil) (૩)
૧૭) વારંવાર (off and on) (૫)
૨૦) પવન (wind) (૧)
૨૧) ચક્કર (giddiness) (૨)
૨૨) ચાટવું (to lick) (૨)
૨૪) નહીં તો (otherwise) (૩)
૨૬) તરવરીયો (restless person) (૩)
૨૯) બટકું (bite) (૨)
૩૦) પરસેવો (perspiration) (૩)
૩૨) માથા ઉપર બાંધવાનો રૂમાલ (scarf) (૩)
૩૪) મિજાજ (mood) (૨)
૩૫) પરમ દિવસે (day after tommorow) (૩)
૩૬) તાવ (fever) (૨)
૩૭) ડર (fear) (૧)

### ઊભી ચાવીઓ

૨૩) પુરી તળવાનો ચમચો (Spoon for frying Buns) (૨)
૨૪) નાક (Nose) (૨)
૨૫) પરમ દિવસ પછીનો દિવસ (Two days after) (૪)
૨૭) રમે છે (Playing) (૩)
૨૮) સુસ્તી (Not feeling well) (૩)
૨૯) કાદવ (Mud) (૩)
૩૧) રાખે છે (to keep it) (૩)
૩૩) મુંગા રહેવું (be silent) (૨)

## ચિંતન પ્રકાશ : તરસને તીર.... *(હિતેન આનંદપરા)*

યશસ્વી અવતરણક્ષમતા ધરાવતા સર્જક ગુણવંત શાહે એક લેખમાં લખેલું: સુખી લોકોનું એક લક્ષણ હોય છે. એ થાક ન લાગે તોય આરામ કરી શકે છે. ભૂખ ન લાગી હોય તોય એ ખાતા રહે છે. તરસ ન લાગી હોય ત્યારે શરબત પીવાની ટેવ ખબર ન પડે એમ પડી જાય છે.

ગુલાબ, ફુદીના, ખસખસ, કલિંગર, લીચી, નારંગી, વરિયાળી, સ્ટ્રૉબેરી, પાઈનેપલ, સક્કરટેટી, કોકમ, પેરુ, કાચી કેરી, પીચ-પ્લમ, દ્રાક્ષ, કિવી, બ્લુ બેરી, પાન મસાલા, વ્હાઈટ રોઝ, જિંજર-લેમન, વગેરે શરબતી પૂર સામે જીભ પાણી પાણી થઈ જાય તો જીવનો વાંક ન કાઢવો જોઈએ. ઠંડકનું પણ એક પ્રવાહી સુખ હોય છે.

કેટલાંક સુખ બધાને ભાગે નથી હોતાં. સૌમ્ય જોશી લિખિત *તરસ લાગી છે તરસ* શેરીનાટકમાં એક સુંદર સંવાદ સમજવા જેવો છે. નાટકમાં કાંકરિયા તળાવ એક પાત્ર રૂપે સત્તાધારી સાહેબોને કહે છે કે મારી પાસે એક ટોકરી હતી એ તમે છીનવી લીધી છે. ટોકરીમાં સોનીની ચાલીમાં રહેતાં નવાં પરણેલાં યુગલો માટે ખુલ્લી હવા હતી. બાળકો માટે ફુગ્ગા હતા. ગરીબ લોકો માટે ખુલ્લી જમીન અને ખુલ્લા આકાશનો ટુકડો હતો. તળાવને ટિકિટબારી લગાડી દીધા પછી આ બધા લોકો આવતા બંધ થઈ ગયા છે. મને આ બધા લોકોને મળવાની તરસ લાગી છે. તરસ લાગી છે.... તરસ.

તરસ જળની હોય તો પાણીથી કે પીણાંથી છીપે. તરસ સત્તાની હોય તો સાચાં-ખોટાં કામો કરાવે. તરસ પ્રેમની હોય તો જિંદગીને ધબકતી રાખે. તૃપ્તિ તરસનું મારણ નથી, વિરામ માત્ર છે. બીજે છેડે ફેણ ઊંચી કરીને તરસ પ્રગટ થવાની જ. કેટલીક તરસ જન્મો પર પણ ફેલાતી હોય.

# બા વગરનું ઘર

- ભગીરથ બ્રહ્મભટ્ટ



ઘરનું સ્થળ એનું એ. ઘરનું માપ એનું એ. ઘર પણ સાઠ સાલ પહેલાંનુ જેવું હતું, જ્યાં હતું ત્યાંનું ત્યાં એટલે એનું એ. ઓસરીની જગ્યાએ ઓસરી છે. ઓરડાની જગ્યાએ ઓરડો છે. આંગણાની જગ્યાએ આંગણું છે. બારી-બારણાં, મજૂસ, કોઠાર, વાસણ-કૂસણ, છાજલી, ટોડલા, ડામચિયા, ઘંટી, વળગણી-સૂંડલા, ગોદડી, ગાભા બધું જ એના નિયત સ્થાને છે. ભૌમિતિક આકારે ઘર નથી બદલાયું છતાં હવે ઘર એ ઘર રહ્યું નથી. એમ તો ઘરમાં ખેડૂત રહે છે. ખેડુ ઉદોજી - પત્ની સાથે. એ પ્રેમથી બોલાવે છે. બેસાડે છે. ચીજવસ્તુઓ સાચવે છે. ચોખ્ખીચણક રાખે છે. એ વખતે આંગણામાં તુલસી નહોતી, હવે તુલસીનું કૂંડું પણ છે. અમે તો ખુલ્લું ઘર ઉદોજીને સોંપીને નીકળી પડેલા. આજે વીસ વર્ષે ઘરે જવાનું થાય છે ત્યારે ઘરમાં બધું જ હોવા છતાં ઘર ઘર લાગતું નથી. ઉદોજી પૂછે છે - 'કેમ ભૈ... આ તમારું જ ઘર છે.' છતાં મારું ઘર મને મારું લાગતું નથી.

ઘર મારા ભણી જોઈ રહ્યું છે. ઠપકો આપી રહ્યું છે. હું નગરમાં જઈને સ્થિર થયો એ બાબતે મને ઠપકાની ભાષામાં વાત કરી રહ્યું છે. એને મન એમ હશે કે હું એને ભૂલી ગયો છું. ના, એવું નથી હું એને યાદ કરું જ છું, પણ મને એની પાસે રહેવાનો વખત નથી મળતો એટલે એ મારી સામે આમ તાક્યા કરે છે. ઘર ભલે મને સાશંક નિહાળે પણ હું સાચું કહું તો ઘરના પ્રત્યેક અણુથી પરિચિત છું. એ ઘરમાં હવે માનો શ્વાસોચ્છ્વાસ નથી એટલે પ્રત્યેક પદાર્થોમાં મને આત્મીયતાનો અભાવ વર્તાય છે.

આંગણામાં ઊભો ઊભો હવે નજર નાખું છું. ઘરની ઊંચાઈમાં તો કોઈ ફરક પડ્યો નથી. ઉદોજી ટહુકો કરે છે - 'આવો... આ તમારું જ ઘર છે, આમ બારા ઊભા રહ્યા ?' તેમ છતાંય પગ ઘર તરફ વળતા નથી. કેમ કોઈ બોલતું નથી 'આવો બેટા....' સાંભળવા માટે કર્ણ આતુર થયા છે. શબ્દો ઝીલવા તરસ્યા થઈ ગયા છે અને આંખો એ બોલનારને શોધે છે... પણ... ?? ઉદોજીના આગ્રહથી ઘરમાં પ્રવેશ કરું છું તો ઓસરીમાં જ ખાંડણિયો છે. એની ઊંડાઈ તો એની એ જ છે, પણ બાજુમાં પડેલું સાંબેલું મારી સામે તાકી રહ્યું છે - 'અમ ભૈ ભૂલી જ્યા... આપણે મેડે ચેટલું રમેલા ?' સાવ સાચી વાત છે, પણ હું સાંબેલાને એમ કહી શકતો નથી કે તારી સાથે રમવાનો હવે મારી પાસે સમય નથી. પણ સાંબેલાને વચ્ચેથી પકડી મા જે રીતે ડાંગર-છડતી કે શણો છડતી એ યાદ આવે છે. એનો હાથ ઊંચો થાય અને પછડાય એમાંથી જ જે અવાજનો એક સૂર નીકળતો.... એને કાન શોધે છે. પણ કાન ધન્ય થઈ શકતા જ નથી અને આંખોમાં કીકીની આસપાસ જળનું કૂંડાળું બાઝે છે અને ઉદોજી ઓરડામાં લઈ જઈ પાછળ પછીતને લાગેલો લૂણો બતાવે છે... હું એ પછીતે જઈ હાથ મેલું છું ત્યાં પોપડો તૂટે છે. અને એમાંથી સાક્ષાત્ બા બહાર આવીને મારા માથે હાથ ઠેરવે છે 'આવી ગયો બેટા ?' હું 'હા' કહું છું અને તૂટેલો પોપડો

*હાથ એમાં ફક્ત હાથો હોય છે, ભૂખનો આકાર ખોબો હોય છે.*
*બે લગોલગ ગોઠવેલી ઈંટથી, કેટલી ઘરમાં દીવાલો હોય છે.*

હાથમાં લઈ ઉદ્ધોજીને પૂછું છું, 'આવું ક્યારથી થયું ?'

'મા જ્યા ઈના બીજા વરહથી...'

માના ગયા પછી પોપડા ? ભીંતો પણ મા વગર નિસાસો નાખવા માંડી ? ભીંતોની આંખોમાં પણ મારી જેમ જ નિસાસો ? દીવાલોના ચહેરા ઉપર વેદના હતી. એ દીવાલો પણ મને કહેવા લાગી - 'ભૈ શહેરમાં જઈને અમને ભૂલી ગયા ? આ ઓરડો જ તમારી ભોમકા હતો... જનમ ભોમકા હોં !'

હું ઓરડાને ચોમેરથી જોઈ રહ્યો. એક ખૂણે ઘંટી, એક દીવાલે ડામચિયો, એક ગોખમાં ખોડિયાર મા અને છેવાડી દીવાલે માટીના કોઠાર, એની ઉપરની વાસણની ઉતરડ... બધું જ એનું એ. પેલી તાંબાની દેગડીમાંથી ગોળ કાઢીને ખાતો, પેલા પિત્તળના બોઘરણામાં પતાસાં રહેતાં. કોઈના લગનનાં પતાસાં આવ્યાં હોય તો મા ત્યાં મેલતી. પેલી ઘંટી સૂની છે. સૂનમૂન છે. તેને બાહોમાં લઈ મા ખુદ દળાઈ જતી... ઘંટી જાણે છે એ બધું.... મા ઓકળિયો પાડે, લીંપણ કરે... ગાય-ભેંસના છાણની ગાર... આ બધું એકદમ યાદ આવી ગયું. હીંચકે બેઠેલા બાપા પણ ચોપડા ચીતરતા દેખાયા. બાપાની ચાર વાગ્યાની ચા... બે પડવાળી રોટલી... બાપાનાં કપડાં... બા ઉપર આધારિત હતાં. બાપા... બાપાએ એના જીવતરનો ખાસ્સો હિસ્સો પોતાના સંદર્ભે વાળી લીધેલો... તેમ છતાં બાપા ગયા ત્યારે બાની આંખોમાંથી જે ટપકતા હતા એ.... ટપ ટપ... મારા બાપા જ હતા....

આ સોળ વર્ષે આ ઘરમાં પરણીને આવેલાં. આવતાંની સાથે જ વિધવા ફોઈની જવાબદારી તેમણે હરખભેર ઉપાડી લીધેલી. અંધારે અટવાઈ જતા ઘરને રોનકમાં લાવી દીધેલું. છ સંતાનો... એક પછી એક મોટાં કર્યાં... ભેંસો સાચવી, વૈતરું કર્યું. સંસ્કાર જાળવ્યા. એટલા કામની વચ્ચે રામાયણ - મહાભારત અને ગીતાના અક્ષરો ઉકેલ્યા કર્યા... ગામમાં કોઈ માગણ આવે તો તેમના ઘરે આશા કરે... કોઈને નિરાશ ન કરે. કુટુંબીઓ અને સંબંધીઓમાં ઓળખનાં એવાં તો ઓજસ પથરાયાં કે સંતાનોને પરણાવવા કોઈને કહેવા જવું પડ્યું નહીં. એમના સંસ્કાર સગાંને ખેંચી લાવ્યા. ઘરમાં - સભ્યોમાં અને ઘરના પદાર્થોમાં એવાં તો ભળી ગયાં કે એ પદાર્થોની ઓળખ આગળ એ - વિશેષણ થઈને શોભતાં... ઘર કોનું ? ખાનદાની કોની ? તો ત્યાં બાનું નામ સંભળાતું... હું ગૌરવ અનુભવતો... અમારા ખેડૂતોને પણ દીકરાની જેમ રાખતાં. એટલે જ એમના મૃત્યુ પછી એ ઘર એ ખેડૂતને રહેવા માટે એમ ને એમ માલસામાન સાથે સોંપી હું નગરવાસી બની ગયો. આજે એ ઘરમાં કંઈક ખૂટે છે.

ઘરનો ઉંબર બાના ચાંલ્લા વગર વિધુર દેખાય છે અને બા વગર ઘંટી સૂની પડી ગઈ છે. બા વિના માતાજીનો ગોખ સૂનો છે. બા વગર ડામચિયાની ગોદડીઓ રુએ છે. બાને આખો ઓરડો ગોતે છે. હું પણ બા વગરના ઓરડામાં ખોવાઈ જવા મથું છું, પણ હું ખોવાઈ શકતો નથી. આ ઓરડે જ માએ હેત પાયું છે - ને મોંમાં કોળિયા નાખી મોટો કર્યો છે.... ઓરડો મારી જન્મભૂમિ છે.

ઘરમાંથી જ્યારે મોટી બહેનને વળાવી ત્યારે બા એ ઓરડે બેઠી બેઠી કેટલું રડેલી ? અને આ જ ઓરડે મારા પિતાજીના મૃત્યુ પછી બાને આંસુ સારતી મેં નિહાળી છે. ત્યારે ઓરડો આખો રડી પડ્યો હતો. આજે હું મારું મોટપણ છોડીને બાળપણમાં પહોંચી જાઉં છું, મારી આંખોમાંથી પણ ડબ-ડબ કરતાં બા બહાર વહેવા માંડે છે અને મને બા વગરનું ઘર પ્રાણ વિનાના ખોળિયા જેવું લાગે છે.

* * *

*જે ઈરાદાથી થવાયું પર નહીં, એ ઈરાદાનો ઈરાદો હોય છે.*
*તુંય અંધારાની છોડી દે ફિકર, રાતનો બસ રાતવાસો હોય છે.*
*- ગૌરાંગ ઠાકર*

## શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ ખાતે શ્રી કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશનના સૌજન્યથી આઈ કેર કેમ્પ









રવિવાર તા. ૧૦ મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રવિવાર ૯ વાગ્યાથી, શ્રી કે.ડી.ઓ. ફાઉન્ડેશનના સૌજન્યથી શ્રી વીરજી લધાભાઈ જૈન વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ તેમજ શ્રી લક્ષ્મીબાઈ વીરજી જૈન કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ માટે આય કેર કેમ્પ - મુલુંડના આંખના સર્જન ડૉક્ટર શ્રી કૌશલ્ય શાહ તેમના પત્ની ડૉક્ટર શ્રીમતી પ્રાંજલી શાહ અને તેમના સ્ટાફના સથવારે સફળ આયોજન થયેલ.

કુલ ૧૫૬ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પોતાની આંખોની તપાસણી કરાવેલ જેમાંથી ૨૫-૨૭ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને ચશ્માંની જરૂર હતી. તેમજ ૭ થી ૮ વિદ્યીર્થીઓ અને વિદ્યાર્થીનીઓને વધારે તપાસ માટે નિષ્ણાતને બતાવવાની જરૂર હતી. જે માટે શ્રી કે.ડી.ઓ. ક્લાસિક ફાઉન્ડેશન ઘટતું કરશે. મધ્યાન્તર સમયે ડૉ. શ્રી કૌશલ્ય શાહ અને ડૉક્ટર પ્રાંજલી શાહ અને તેમની ટીમનું હાજર અધિકારીઓ શ્રી મણિકાંતભાઈ ધુલ્લા, શ્રી હીરાંદભાઈ દંડ, શ્રી રાજેશભાઈ લોડાયા, શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયાના હસ્તે ફૂલોથી સ્વાગત-અભિવાદન કરવામાં આવેલ.

ડૉક્ટર શ્રી કૌશલ્ય સાહેબે આંખની કાળજી અને સાર સંભાળ માટે ટીવી પર પ્રેઝન્ટેશન આપેલ જે ખૂબજ સરળ અને આસાનીથી સમજી શકાય એવું હતું. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી દરમિયાન ડૉક્ટર સાહેબે તેમની શંકાનું સમાધાન કરેલ.

નાસ્તો, ચા-પાણી તેમજ જમણની વ્યવસ્થા શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ વતી કરવામાં આવેલ.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## સાભાર સ્વીકાર : શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરાનું વસતીપત્રક ૨૦૧૭

વડોદરામાં વસતા કુટુંબોની તથા અન્ય જ્ઞાતિમાં પરણેલી આપણી નિયાણીઓની વિવિધ માહિતી આપતું વસતીપત્રક ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૭ના પ્રકાશિત થયું છે.

પુસ્તિકામાં જ્ઞાતિના દરેક કુટુંબમુખીની તસવીર, રહેણાક અને વ્યવસાયમાં સરનામાં, પ્રત્યેક સભ્યના બ્લડ ગ્રુપ જેવી માહિતી ઉપરાંત જ્ઞાતિજનોના શૈક્ષણિક, વ્યવસાયિક, વય અને અન્ય સંદર્ભે ઉચિત પૃથક્કરણ તથા વિશ્લેષણ પણ અપાયાં છે તે ઉપરાંત ત્યાંના ''સમાજની વર્તમાન કાળનો વરતારો'', ''યુવાનો માટે અંતરની ભાવના'' સંસ્થાઓનો સંક્ષિપ્ત પરિચય, ''સમાજની થઈ રહેલી સર્વક્ષેત્રીય પ્રગતિની રૂપરેખા'', ''સમાજના કિર્તિસ્તંભો સમા જ્ઞાતિજનોને ભાવાંજલિ'', ''સમાજમાં ધાર્મિક પ્રસંગોની પરંપરાગત ઉજવણી'', ''સમાજના દશાઈઓની અલગ ઓળખાણ'', ''કે.ડી.ઓ. નગરની ગૌરવકથા'' જેવા વિષયો પર જુદા જુદા લેખકોના અભ્યાસપૂર્ણ લેખો દ્વારા વડોદરા સમાજની લગભગ ૭૫ વર્ષની તવારીખ અને અનેકવિધ ક્ષેત્રોની ગતિવિધિઓનો વાંચનક્ષમ ચિતાર અપાયો છે જેને કારણે ત્યાંના સમાજના અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને વ્યવસાયિકોએ પણ, ન કેવળ જ્ઞાતિપ્રીય કે જ્ઞાતિદાઝની બાબતે પરંતુ કચ્છીયત અને દશાઈ વિરાસતને અકબંધ રાખીને ધંધા-વ્યવસાયમાં વૈવિધ્યપૂર્ણ ચીલો ચાતર્યો છે, અને ઉલ્લેખનીય પ્રગતિ હાંસલ કરી છે, તેનું પ્રતિબિંબ નિહાળી શકાય છે.

અલબત્ત, પરિણિત માહિતીમાં માવિમના નામ અને વતનના ગામનો નિર્દેશ થયો નથી તે જરા અખરે છે. બાકી સુંદર સુઘડ છપાઈ અને કાગળની સુયોગ્ય ગુણવત્તા જળવાઈ છે. સંકલનકાર અને પ્રકાશક નવીન હીરાચંદ નાગડા (પટેલ)ને ઉપયુક્ત પરિશ્રમ બદલ અભિનંદન.

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કચ્છ રાપરગઢવારી ખાતે પર્વ પર્યુષણ

આ વર્ષે શ્રી ગોડીયાજી પાર્શ્વનાથજીની અસીમ કૃપાથી મુંબઈ બહારગામથી પધારેલ તથા સ્થાનિકો ટોટલ ૯૦ થી ૧૦૦ આરાધકોની હાજરીમાં પર્વ પર્યુષણ હર્ષોઉલ્લાસ સાથે ઉજવાયો. કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શ્રીમતિ કલ્પનાબેન સચિનકુમાર પદમશી લોડાયા પરિવાર તથા પ્રભુજીનું પારણું શ્રીમતિ તારાબેન ચીમનભાઈ દેવજી નાગડા પરિવારે લીધેલ સંપૂર્ણ પર્વ દરમિયાન સાધર્મિક ભક્તિ તથા પ્રભાવના નો લાભ હાજર શ્રાવક શ્રાવિકાઓએ લીધેલ. ટોટલ ૧૪ સ્વપ્ન ઘૃતમણ ૫૦૩૫૨. શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ મંબઈથી આરાધક બહેનો (૧) વસુમતીબેન શાહ (૨) જવેરબેન ગોસરની નિશ્રા પ્રદાન થયેલ. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અને ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ સંચાલિત અતિથિગૃહ/ભોજનશાળા કાયમી ધોરણે ચાલુ છે. પર્વ પર્યુષણ દરમિયાન વાંકુ/પરજાઉ/વારાપધર/જખૌ/સાંયરા/કોઠારા/આરીખાણા/સાંધવ/લાલા/કોઠારા/નલીયા/તેરાથી યાત્રિકો દેવ દર્શન કાજે પધારેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન મહાજન, ગદગ

શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગદગ આયોજીત ચૈત્યપરિપાટી માટે સંઘ ૭-૯-૨૦૧૭ થી ૧૦-૯-૨૦૧૭ કુલ ૪૧ જણ ચૈત્યનીપુરી, હૈદરાબાદ, નવગૃહ, કુલપાકજી, પેંદાતુમ્બલ્લમ, રાયચુર યાત્રા રૂપે ગયા હતા. ૮-૯-૨૦૧૭ ચૈત્યનીપુરી દેરાસરમાં રહેવાની અને નવકારશી તથા ૯-૯-૨૦૧૭ના સાંજના ચોવિહારની વ્યવસ્થા નો લાભ શ્રી પ્રેમ લક્ષ્મી પરિવારે લીધેલ.

હૈદરાબાદ કાચીગુડા જિનેશ્વર ધામમાં દર્શન-પૂજા સાથે પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી આદી ઠાણા ૪ને વંદન કર્યા અને બપોરના જમણની વ્યવસ્થા શ્રી હૈદરાબાદ અચલગચ્છ જૈન સંઘ સંભાળેલ અને ટ્રસ્ટીગણ સર્વે ઉપસ્થિત રહીને સહુને આવકારેલ અને બહુમાન કરેલ. શ્રી રાજુભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ ગોશર, શ્રી પોપટભાઈ, સુંદર માર્ગદર્શન અને વ્યવસ્થા કરી આપેલ મહાજનશ્રી સહુનો આભાર અને અનુમોદના વ્યક્ત કરેલ અને પૂ. સાધ્વીશ્રીજી સંયમગુણાશ્રીજી સહુને ધર્મલાભ કીધેલ છે.

રસ્તામાં આવતા નૂતન નિર્માણ નવગૃહ દેરાસરમાં દર્શન અને ચોવિહાર કરીને સાંજના આરતી (વિશેષ) લાભ લઈને કુલપાકજી તીર્થ માટે રવાના થયા. સવારના દર્શન-પૂજા ચૈત્યવંદન કરીને બપોરના જમીને પેંદાતુમ્બલ્લમ તરફ પ્રયાણ કર્યુ. ત્યાં રાત્રી રોકાણ કરી. બીજા દિવસે સવારના દેવદર્શન પૂજા નવકારશીનો લાભ લઈ રાયચુર તરફ રવાના થયા.

રાયચુરમાં શ્રી સુમતીનાથ જૈન મુર્તિપુજક સંઘ દેરાસરમાં પૂજા-દર્શન અને વ્યાખ્યાન લાભ લીધેલ અને રાયચુરમાં બિરાજીત પૂ. મુનિરાજ જગવલ્લભસાગરજી મ.સા.ને વંદન કર્યા અને બપોરના જમણ અને સાંજના ચોવિહારની વ્યવસ્થા શ્રી રાયચુર સંઘ લાભ લીધેલ અને શ્રી સંઘનું બહુમાન કરેલ, રાયચુર શ્રી સંઘના પ્રમુખશ્રી પ્રકાશભાઈ તથા શ્રી રાજુભાઈ દેસાઈ એ સાથ અને સહકાર આપ્યો અને વડીલોઓનું બહુમાન કરેલ. મહાજનશ્રીએ આભાર વ્યક્ત કરેલ અને અનુમોદના કરેલ. રાયચુરથી બપોરના જમીને ગદગ તરફ રવાના થયા રસ્તામાં આવતા ઘણા દેરાસરના દર્શન કર્યા.

આ જાત્રામાં દરમિયાન રસ્તામાં આંગી ભાવના સાથે સંઘ પૂજા, કવીઝ, રમતગમત સાથે અંતાક્ષરી રમી સહુએ ખૂબ આનંદ અને મજા માણી. આ ચૈત્યપરિપાટી યાત્રાનાં ચેરપર્સન તરીકે શ્રી સંજય ઠાકરશી મોતા, શ્રી વિપુલ રતિલાલ ભગત, શ્રી આશિષ હિરેન નાગડાએ સુંદર અને વ્યવસ્થિત, સુખમય શાંતિમય જાત્રા બધાને કરાવેલ. મહાજનશ્રીએ ત્રણે જણનું આભાર માનેલ અને એમના કાર્યની પ્રશંસા સાથે અનુમોદના કરેલ.

### શ્રી કચ્છી જૈન મહિલા મંડળ

૨૪-૬-૨૦૧૭ના રોજ કસ્તુરબેન દેઢિયા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ. તેમજ તેમના તરફથી સંઘજમણ રાખવામાં આવેલ.

પર્વપર્યુષણ ખૂબ ધામધૂમથી મનાવવામાં આવેલ. સપના લક્કી ડ્રોથી કરવામાં આવેલ. પારણું સંજયભાઈએ પધરાવેલ. પાચ ભાઈઓએ તપસ્યા કરેલ.

ચૈત્ય પરિપાટી જયશ્રીબેન ખોના તરફથી કરાવવામાં આવેલ. બધાએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. ૫-૯-૨૦૧૭ રીટાબેન સાવલાના ઘરે જાપ રાખવામાં આવેલ. જાપ પછી ઉર્મિલાબેન ગેમ્સ રમાડેલ. ૮-૯-૨૦૧૭ સ્મિતા શાહ તરફથી ૩ટવા હોટલમાં કીટી પાર્ટી રાખવામાં આવેલ. બે ગેમ્સ, ૧ હાઉઝી રમાડી. ૧૫-૯-૨૦૧૭ હેમલતાબેન મગનભાઈના ઘરે જાપ રાખવામાં આવેલ. ૧૭-૯-૨૦૧૭ના રોજ અરવિંદભાઈ શાહ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ.

સંઘજમણનું આયોજન કરવામાં આવેલ.

### વાગલે એસ્ટેટ, થાણા સંઘ

અત્રે શ્રી આદિનાથ જિનાલય મધે આચાર્ય શ્રી કવીન્દ્ર સાગરજી મ.સા.ના પ્રથમ ચાતુર્માસ દરમિયાન પર્યુષણ પર્વની ઉજવણી થઈ. પૂ. આચાર્યશ્રીએ મોટી સિંધોડીના શ્રી નેમિનાથ જિનાલયના જિર્ણોધ્ધાર અંગે રસ લીધો હતો. વહેલી તકે થાય તે માટે જરૂર જણાય તો અન્ય સંઘો તરફથી આર્થિક અનુદાનોના વિપુલ સહકારની ખાતરી આપી હતી. સ્થાનિક સંઘ તરફથી નવકારશી અને બહુમાન યોજાયા. શુક્રવારે યોજાતા જાપોના આગામી મણકાનો લાભ વિક્રમ મધુરીબેન કાંતિલાલ મોતા અને ૧૩ ઓક્ટોબર ના જાપ મણકાનો લાભ મુલચંદ કેશવજી મોતા અને દોહિત્ર કબીર તરફથી સંયુક્ત યોજાશે. પૂર્ણ કાર્યક્રમમાં શ્રીમતી પીંકી હિતેશકુમાર શાહ પણ જોડાયા હતા.

### સરોજિની નાયડુ રોડ, મુલુંડમાં પર્યુષણ પર્વ આરાધના

મુલુંડ પશ્ચિમ સરોજિની નાયડુ રોડના સુધીર કોમ્પલેક્ષમાં આજુબાજુની સોસાયટીઓમાં રહેતી અચલગચ્છીય શ્રાવિકાઓની સુવિધા અર્થે દુકાન/ગાલાના માલિક શ્રી પાટીલના સૌજન્યથી પર્યુષણના પ્રથમ દિવસથી માંડી ભાદરવા સુદ ૪ સુધી દૈવાસિક પ્રતિક્રમણની વ્યવસ્થા કરવામાં આવી જેનો ત્રીસેક શ્રાવકોએ લાભ લીધો હતો.

ભાગ્યશાળીઓ વતી પ્રભાવના થતી ત્રણ તપસ્વી બહેનોનું સહુ વતી સામુહિક બહુમાન કરી અનુમોદના કરવામાં આવી. સાધારણ અને જીવદયા અંગેની ટહેલ થતાં સારો પ્રતિસાદ સાંપડ્યો. નાનકડા સંઘમાં આનંદ અને સુખશાતા છવાઈ રહ્યા.

### ચૌલા કુરૂવા લિખિત પુસ્તક એવરગ્રીન રહો

પુસ્તક : એવરગ્રીન રહો..., લેખક - ચૌલા કુરૂવા, પ્રકાશક - પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન, સંપર્ક - ૯૯૧૩૦૧૨૧૨૦, ઈમેલ chaulakuruwa@gmail.com કી રૂ. ૬૦/-, ebook આયોજન છે. eshabda.com પર ઉપલબ્ધ છે.

પુસ્તક વિષે .... એવરગ્રીન રહેવું એટલે કે સદા બહાર રહેવું એ આજના સમયની માંગ છે. નાની પણ સમજણ અને પ્રેરણા આપતી આ પુસ્તીકા વસાવવા, વાંચવા અને ભેટમાં આપવા લાયક છે. ખાસ કરીને યુવાનો, પ્રોફેશનલ, બિજનેસમેન-વ્યાપારીઓ માટે ઉપયોગી છે. વડીલો તેમજ સ્ત્રીઓ માટે પણ ઉપયોગી થઈ શકે છે.

લેખિકાનું આ ૯ મું પુસ્તક છે. આ અગાઉ 'સુખી થવાના સરળ ઉપાયો' એ પણ વાંચવા વસાવવા અને ભેટમાં આપવા લાયક પુસ્તક પ્રકાશિત થયેલ છે. ઉપરાંત 'મોર્નિંગ વૉક' પુસ્તક પણ ebook તરીકે ઉપલબ્ધ છે.


**વિપુલા સારી**

**દિવાળી ફેસ્ટીવલ SALE**

10% to 30% SALE

શૉપ નં. ૨૧, હરીભુવન, મુરુગન સ્ટીલ સામે, એસ.એલ. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. ફોન : 2569 4974


### શ્રી પદમ મુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા દ્વારા ટ્રસ્ટ સ્થાપિત થયેલ તેમજ પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શને ટ્રસ્ટને પોતના કાર્યોમાં સફળતા મળતી રહે છે. દર બુધવારના ગરીબોને ભોજન આપનાર દાતા : ૧) દિપેશ સુરેશ ખોના (મુંબઈ - જન્મ દિવસ નિમિત્તે), ૨) સ્વ. મણીલાલ કેશવજી ધરમશી (હસ્તે ઉષાબેન મણીલાલ ધરમશી ગોંદિયા), ૩) એક સદ્ગ્રહસ્થ (બડગરા), ૪) શિલ્પા કલ્યાણજી ગાલા, (હસ્તે મોક્ષી કે. ગાલા, વસઈ), ૫) મુક્તાબેન ગુલાબભાઈ ચુરલા (મુલુંડ), ૬) સૌ. કુનતિ દિપેશ ખોના (જન્મ દિવસ નિમિત્તે-મુંબઈ), ૭) કલા કિશોર ચિતોડ (તળજા), ૮) ભાગ્યવંતિ લક્ષ્મીચંદ નાગડા (બેંગલોર), ૯) દેકાબાઈ આશુભાઈ મારુ (હસ્તે પુષ્પા, ગુણવંતિ, હર્ષા), ૧૦) ઈશિતા, નિશિતા, અંકિત કિશોર ધુલ્લા (જન્મદિવસ નિમિત્તે-ચાલીસગામ)

### રાયપુરમાં 'મિડીયા મંથન' સંગોષ્ઠિનું આયોજન

પં. દીનદયાલ ઉપાધ્યાય માનવ અધ્યયન શોધપીઠ છતીસગઢના અધ્યક્ષ પ્રવિણભાઈ મૈશેરીની યાદીમાં જણાવ્યા મુજબ ૪ તથા ૫ ઑક્ટોબરના પત્રકારિતાના વિદ્યાર્થીઓ માટે કાટાઠીહ (શોધપીઠના પરિસરમાં) 'મંથન મિડીયા' સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ વિષયો ઉપર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આવશે. સૌ સાદર નિમંત્રિત છે.

### હિરાચંદ દંડની ગોલ્ડન ગ્લોબ એવોર્ડસમાં ઉપસ્થિતિ



લોસ એન્જલસ ખાતે ગોલ્ડન ગ્લોબ એવોર્ડસમાં ફિલ્મ 'સાઉન્ડ ઓફ સાયલન્સ'ના સ્ક્રીનીંગ પ્રસંગે પ્રોડ્યુસર ડૉ. એ. કે. પિલ્લઈ, જ્યુરી નોએલ ડીસોઝા, ડિરેક્ટર દામોદરન બીજુ સાથે ઇન્ટરનેશનલ ફિલ્મ ડીસ્ટ્રીબ્યુટર મધુ એન્ટરટેઈન્ટમેન્ટના હિરાચંદ દંડ.

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી સીમા લબ્ધી મોમાયા** (PS 4192) | વાસરો, બી/૨૮૯, વૉર્ડ ૧૧/બી, ગૌ ભક્ત શ્રી શંભુ મારાજ રોડ, જય જોગિની સોસાયટી, ભારત નગર, ગાંધીધામ - ૩૭૦ ૨૦૧ |
| **ગુલાબચંદ નારાણજી લોડાયા** (PS 4662) | ૧૦૪, બી-૨, સાઈધામ કોમ્પ્લેક્સ, દેવ કૃપા સોસાયટી પાસે, પૂર્ણા, ભિવંડી - ૪૨૧ ૩૦૨. |
| **મમતા ઉમેશ લાલકા** (પરજાઉ, નીમચ) | જુના મો. નં.: ૦૯૧૧૧૫ ૬૦૩૩૭<br>નવા મો. નં.: ૦૯૩૦૧૯ ૦૬૫૨૯ / ૦૯૩૪૦૧ ૬૨૪૪૨ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૦૬-૧૭ | ઘાટકોપર | તનિષ, હેતલ જયરાજ મૈશેરી | રાપર | પુત્ર |
| ૩૦-૦૮-૧૭ | પુંસદ (મહારાષ્ટ્ર) | નીલ, સ્વરા મનીષ જીતેન્દ્ર ધરમશી | સુથરી | પુત્ર |

### આંતરજ્ઞાતિય સગપણ છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧-૦૭-૧૭ | ઘાટકોપર | ચંદ્રેશ નરેન્દ્ર નવલચંદ ટોલીયા | અમરેલી | ૩૧ |
| | મુલુંડ | દિશા દિલીપ લક્ષ્મીચંદ નાગડા | રાપરગઢ | ૩૧ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૯-૧૭ | ડોમ્બીવલી/ચોપડા | ઠાકરશી કલ્યાણજી જેઠાભાઈ જૈન (દંડ) | વરાડીયા | - |
| ૨૪-૦૯-૧૭ | ભાંડુપ | ગોવિંદજી નરશી રાણશી મોતા | તેરા | ૬૮ |
| ૨૫-૦૯-૧૭ | ડોમ્બીવલી | વિશનજી દેવજી લોડાયા | મોટી ખાવડી | ૯૩ |
| ૨૭-૦૯-૧૭ | અમરાવતી | જીવન મણિલાલ મૈશેરી | જખૌ | ૬૯ |
| ૨૮-૦૯-૧૭ | ગાંધીધામ | તેજલબેન તલકચંદ શાહ (શિયાલ) | જખૌ | ૪૨ |

## કચ્છી કસબ - ૧૦૭ ના ઉત્તર

આડી ચાવીઓ
૧) વનોરી, ૩) પનારો, ૫) ઉનું, ૬) મેટ, ૭) ગોલું, ૧૦) ચાડી, ૧૧) પે, ૧૨) છડાછુંઢ, ૧૪) ફેટાય, ૧૭) હેરીફેરીને, ૨૦) વા ૨૧) ફેરી, ૨૨) ચટ, ૨૪) નકા, ૨૬) તોરકો, ૨૯) ચેક, ૩૦) પગર, ૩૨) મેસર, ૩૪) તોર, ૩૫) પરીંયે, ૩૬) તાય, ૩૭) ધ્રા

ઊભી ચાવીઓ
૨) નોલો, ૩) પટ, ૪) રોગો, ૬) મેડી, ૮) લુંછ, ૯) ઉઢણ, ૧૦) ચાય, ૧૩) ડાવ, ૧૪) ફેટફેટ, ૧૫) ધરી, ૧૬) ચોરી, ૧૭) હેવર, ૧૮) ફેટોડ, ૧૯) નેચરેતો, ૨૩) ત્રક, ૨૪) નક, ૨૫) ત્રેપરીંયે, ૨૭) રમેતો, ૨૮) કોસર, ૨૯) ચેખલ, ૩૧) રખેતો, ૩૩) ચોપ

## અલગ-અલગ સ્થિતિઓમાં ઉપયોગી થતા મુખવાસ

**પ્રેગ્નન્સી દરમ્યાન ખવાતો મુખવાસ :** પ્રેગ્નન્સી દરમ્યાન સ્ત્રીના સ્તનમાં ઘણા ફેરફારો આવતા હોય છે અને એથી દૂધની સાથે કોઈ પણ ફોર્મમાં કોપરું ખાવું સ્ત્રી માટે હિતકર છે. કોપરાનો મુખવાસ બનાવવા માટે ૨૦૦ ગ્રામ કોપરું, ૧૦૦ ગ્રામ તલ, ૧૦૦ ગ્રામ વરિયાળી, ૫૦ ગ્રામ બદામ લઈને પ્રેગ્નન્સીનો મુખવાસ બનાવી શકાય છે; જેમાં કોપરાને ખમણી નાખો અને બદામની ઝીણી-ઝીણી કતરણ કરી શેકો અને મીઠું, હળદર અને લીંબુ નાખી ડબ્બામાં ભરી લો. પ્રેગ્નન્સીના ૯ મહિના આ મુખવાસ ખાઈ શકાય છે.

**ડિલિવરી પછી ખવાતો મુખવાસ :** ડિલિવરી પછી સ્ત્રીને મોટા ભાગે ગરમ પદાર્થો આપવામાં આવે છે. વળી દરેક ખોરાક તેને વ્યવસ્થિત પચે એનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ સમયે તેને અને બાળક બન્નેને ગૅસ-ઍસિડિટીની તકલીફ ન થાય એ માટે ખાસ મુખવાસ આપી શકાય છે. તેનું દૂધ પણ સારું આવે એ બાબતે પર આ મુખવાસ ખૂબ મદદરૂપ થાય છે.

સુવાનો મુખવાસ બનાવવા માટે બે વાટકી કોપરું, ૨૫૦ ગ્રામ સુવા, ૧૦૦ ગ્રામ બદામ, ૧૦૦ ગ્રામ અજમો, ૫૦ ગ્રામ વરિયાળી, મીઠું અને હળદર લો. સૂકા નારિયેળને ખમણવું અને બદામની ઝીણી કતરણ કરવી. ધીમા તાપે સુવા, અજમો, વરિયાળી, બદામ, કોપરું જુદાં-જુદાં શેકવાં. દરેકને શેકીને ઠંડા થયા બાદ હળદર અને પ્રમાણસર મીઠું નાખવું.



# શ્રધ્ધાંજલિ

હૃદય અમારુ રડી પડે છે, જોઇ તસ્વીર આપની,
હૈયુ માનવા તૈયારનથી – કે હયાતી નથી આપની
શ્રધ્ધાંજલિ આપતા શબ્દો ખુટે છે
અંજલી આપતા હૈયુ તુટે છે.
વારંવાર યાદ આવે છે આપની

## સ્વ. દિપકભાઇ દામજી પોલડીયા

જન્મ 14/02/1956 • સ્વર્ગવાસ 17/09/2017 (Bhusawal - Goersama)

આતિથ્ય ભાવના ધરાવનાર, દીન–દુખીના આંસૂ લૂંછનાર
પરિવાર–મિત્રો પ્રેમી, સ્ફટિકમય નિર્મલ સ્વભાવ સાથે
સૌના મદદગાર, મક્કમ મનોબળ સાથે જિંદગીને જીવી જનાર,
પ્રેમ–કરૂણાનો ધોધ વહાવી સૌને એક તાંતણે બાંધી રાખનાર.
આપશ્રીનો જીવન–પ્રવાસ આટલો ટૂંકો હશે તે અકલ્પનીય છે
હજી તો જીવન યાત્રાની ઘણી આશાભરી લાંબી મંજિલ કાપવાની બાકી હતી
તે મધ્યાન્હે સૂર્ય અસ્ત થઈ ગયો, જીવન દીપ બુઝાઈ ગયો
આપની અણધારી વિદાયથી જે ખોટ પડી છે તે કદી નહીં પૂરાય.
ગાગરમાં સાગર જેવું આપનું જીવન અમારા માટે
એક અવિસ્મરણીય સંભારણું અને પથદર્શક બની રહેશે.
અમો ને છોડી આપનો આતમ ચાલ્યો અનંત પ્રવાસે
હૃદય રડે અને આંખો દેખે હવે આપની સ્મૃતિનો સંગાથ અમ પાસે
પરમાત્મા આપની વિરલ આત્માને મોક્ષગામી બનાવે
એજ જિનેન્દ્ર ચરણે પ્રાર્થના સહ શ્રધ્ધા સુમન

* શોકાતુર *

**કિરીટકુમાર ભવાનજી લોડાયા • સંકેત કિરીટકુમાર લોડાયા**
**તથા સમસ્ત પરિવાર, પાચોરા – વારાપધ્ધર**

Whenever and wherever we stood together, people used to ask me...
"What is my relation with Deepakbhai?"
and I used to proudly say -
"He is a very special friend of mine, my mentor,
just like my father figure."



I lost you but gained
one known Angel

I'll Miss You, We'll Miss You

*- Sanket K. Shah*

એક ગમતુ જણ મળ્યુ, જેની સાથે મન મળ્યુ, ખબર પણ ના પડી કયા જન્મનુ સગપણ મળ્યુ

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (02-10-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ઋણ સ્વીકાર



જન્મ
તા. ૧૪/૨/૧૯૫૬

અરિહંત શરણ
તા. ૧૭/૯/૨૦૧૭

## સ્વ. દિપકભાઇ દામજી પોલડીયા

### (ગોએરસમા) ભુસાવલ

અમારા પરિવારના પ્રેરણામૂર્તિ દિપકભાઇ દામજી પોલડીયાની અંતિમયાત્રા,
તથા તેમના આત્મશ્રેયાર્થે રાખેલા પ્રાર્થના સભામાં
પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શ્રદ્ધાંજલી અર્પણ કરનારા,
ફોન, ફેસબુક, S.M.S., ઇ-મેલ અને વિવિધ માધ્યમો દ્વારા અમને સાંત્વના પાઠવનારા,
ગુરૂ-ભગવંતો, વિવિધ સંસ્થાઓ, મહાજનો, સગા-સંબંધીઓ, પાડોશીઓ, વેપારી મિત્રો, તેમજ સંઘોના
અંતઃકરણથી ઋણ સ્વીકાર કરીએ છીએ.
આપ સૌ અમારી હૃદયપૂર્વક અભિવંદના સ્વીકારશોજી.

**લી આપના ઋણી**
**માતુશ્રી લક્ષ્મીબાઇ દામજી શામજી પોલડીયા પરિવાર (ગોએરસમા) ભુસાવલ-નાસિક**
**માતુશ્રી સરલાબાઇ રતિલાલ ટોકરશી લોડાયા પરિવાર (સાંયરા) કોઇમ્બતુર**

## પોલડીયા – લોડાયા પરિવાર

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,